શ્રી

# મહાવીર જૈન વિદ્યાલય.

## નવમો વાર્ષિક રિપોર્ટ.

જુન ૧૯૨૩ થી મે ૧૯૨૪.

વીર સં. ૨૪૪૯-૫૦.
વિક્રમ સં. ૧૯૭૯-૮૦.

મેનેજીંગ કમિટીના ઠરાવથી
પ્રગટ કરનાર,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
ઓ. સેક્રેટરી.

Krishna Art Works, Vithaldas Road, Bombay 2.

# સમાજને વિજ્ઞપ્તિ.

અનેક પ્રકારના વિપરીત સંયોગોમાં કાર્ય કરવાનું હોવા છતાં, શરૂઆતમાં કોઈ મોટા ફંડથી નવાજાયેલ ન હોવા છતાં અને પૈસા સંબંધી આખો વખત ચિંતામાં રહેવા છતાં આ સંસ્થા હવે એક છતી હકીકત બની છે, અને કાયમ થવાની બરાબર સ્થિતિમાં આવી ગઈ છે.

એની ભાવના કેળવણીના વિશાળ ક્ષેત્રમાં બને તેટલું કાર્ય અમલમાં મૂકવાની છે. અત્યારે લગભગ ૫૦ વિદ્યાર્થીઓ એમાં અભ્યાસ કરે છે, કેટલાક પોતાને અંગે થતા ખર્ચનો ફાળો આપે છે અને કેટલાક ભવિષ્યમાં આપવાનાં વચન આપે છે. દૂર દેશમાં હાલ બે વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

હજુ બહુ જરૂરીઆતો બાકી છે. બધી બોર્ડિંગોને સુઘટિત કરવી છે, ન હોય ત્યાં સ્થાપવી છે, બને તો જૈન વાતાવરણ દેશના વાતાવરણને વિરોધ ન આવે તેવી રીતે જમાવવું છે અને આપણી કોમની જવાબદારીઓને પહોંચી વળે તેવું ફરજ અને સંયોગોનો ખ્યાલ રાખે તેવું સ્વેચ્છાએ હોંસથી કામ કરનારાઓનુ સૈન્ય એકઠું કરવું છે. એવી અનેક ઘટનાઓ કરવાની છે તે આ રિપોર્ટમાં અને આગલામાં સમાજે જોયું છે. એ દરેક બાબતમાં પૈસાની આવશ્યકતા છે. દશ વર્ષનાં વચનો પૂરાં થયાં છે. અત્યારે કોઈ પ્રકારની બચત રકમ ફાજલમાં નથી. મુકામનું કાર્ય અર્ધ રસ્તે પડેલું છે, લાઇબ્રેરી મોટા પાયા પર જમાવવી છે, વધારવી છે અને તે ઉપરાંત યોગ્ય પ્રકારની અનેક કેળવણીની દિશાઓ ખોલવી છે અને ભાવનાઓ અમલમાં મૂકવી છે.

આપ આ સર્વ બાબતનો વિચાર કરો અને આ સંસ્થામાં દ્રવ્ય મોકલો. મોકલવાના અનેક પ્રકાર છેઃ—

બીલ્ડીંગ ફંડમાં રકમ મોકલી નામ અમર કરવાનો ઠરાવ મેનેજીંગ કમિટીએ કર્યો છે તે આપ પૃષ્ટ ૪ B માં જોશો. એ ફંડમાં મોટી રકમની જરૂર છે.

દશ વર્ષ માટે આપ જરૂર વચન આપો. ભરી ગયેલી રકમ હોય તો ચાલુ કરો, આપના સંયોગો પ્રમાણે તે રકમ ઓછી હોય તો વધારો. ન ભરી હોય તો પ્રથમ વખત માટે વચન આપો.

એમાં ત્રણ અપવાદ છે તે લક્ષ્યમાં રાખશો. આપે લેખીત વચન આપ્યું હોય છતાં આપનો દેહવિલય થાય તો આપ દેવાદાર નથી. આપની આર્થિક સ્થિતિમાં ફેરફાર થાય તો આપ દેવાદાર રહેતા નથી. આ સંસ્થા કોઇપણ કારણે બંધ થાય તો આપ દેવાદાર રહેતા નથી.

આપ એક વખત માટે ચાલુ ખાતામાં રકમ મોકલી શકો છો.

આપ લગ્ન પ્રસંગે સંસ્થાને યાદ કરી શકો છો.

આપ વીલ ( વશીયત ) કરતી વખતે સંસ્થાને યાદ કરી શકો છો.

આપ પર્યુષણાદ પ્રસંગે સંસ્થાને યાદ કરી શકો છો.

આપ પુત્રજન્મ પ્રસંગે સંસ્થાને સંભારી શકો છો.

આપ સારૂં કમાઓ ત્યારે તેનો નાનો ભાગ સંસ્થાને ભેટ કરી જ્ઞાનદાનનો માર્ગ ખોલી શકો છો.

આપ શુભ મહોત્સવો, માંગલિક પ્રસંગો, ઉજમણા, જ્ઞાતિજમણ, સ્વામીવાત્સલ્ય પ્રસંગે થોડી રકમ સંસ્થાને આપી શકો છો.

નાની રકમને કદ નાની ધારશો નહિ, નાની રકમના સરવાળામાંજ આ સંસ્થા નભી છે અને નભશે.

સંસ્થાનું ટ્રસ્ટડીડ થયલું છે, વહીવટ ટ્રસ્ટના ધોરણે ચાલે છે, હિસાબ ઓડિટ થાય છે અને એના કાર્યવાહકો જાગૃત છે.

પત્રવ્યવહાર—ખુલાસા, રિપોર્ટ કે દાખલ થવાના ફોર્મ માટે નીચે પ્રમાણે કરવોઃ—

ઓનરરી સેક્રેટરી,
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય.**
ગોવાળીઆ ટેંકરોડ–મુંબઈ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

નો

## નવમો વાર્ષિક રિપોર્ટ.

તા. ૧–૬–૧૯૨૩ થી તા. ૩૧–૫–૨૪

સુધીનો.

**વાર્ષિક હિસાબ, આખર સુધીનું સરવૈયું અને સંસ્થાને લગતા તથા તેના હસ્તક ચાલતા ટ્રસ્ટ ફંડ વિગેરેનાં જરૂરી પરિશિષ્ટો.**

વીર સંવત્ ૨૪૪૯–૫૦. સને ૧૯૨૩–૨૪. વિક્રમાર્ક ૧૯૭૯–૮૦.

સ્થળ—વિદ્યાલય ભુવન, ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ.

**વ્યવસ્થાપક કમિટીની અનુજ્ઞાથી**

છપાવી પ્રગટ કરનાર

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
ઓ. સેક્રેટરી.

मातेव रक्षति पितेव हिते नियुङ्क्ते,
कान्तेव चापि रमयत्यपनीय खेदम् ।
लक्ष्मीं तनोति वितनोति च दिक्षु कीर्तिं,
किं किं न साधयति कल्पलतेव विद्या ॥

રતિલાલ હરજીવન પટેલે શ્રીકૃષ્ણ પ્રિંટીંગ પ્રેસમાં છાપ્યોં,
નં. ૯, અનંતવાડી, મુંબઇ.

# વિષયાનુક્રમ.


ટાઇટલ પેજ ... ... ... ... ... ૧
વિષયાનુક્રમ... ... ... ... ... ... ૨
રિટાયર થતી મેનેજીંગ કમિટી ... ... ... ... ૩
નવમી વાર્ષિક જનરલ મીટિંગના પ્રોસીડીંગનો સાર ... ... ૪
કાર્ડીનલ ન્યુમેન-જેન્ટલમેન. ... ... ... ... ૪C.D.
નવમો વાર્ષિક રિપોર્ટ ... ... ... ... ... ૫-૨૪.


## રિપોર્ટના પરિશિષ્ટો.


A સને ૧૯૨૩-૪ ના જૂના વિદ્યાર્થીઓ સંબંધી ઉપયોગી હકીકત. .... ૨૬-૨૯.
B સને ૧૯૨૪-૫ ના નવા જૂના વિદ્યાર્થી સંબંધી ઉપયોગી હકીકત. .... ૩૦-૩૧.
C સને ૧૯૨૩-૪ ના જૂના વિદ્યાર્થીનાં સ્થાન જ્ઞાતિ આદિના કોઠાઓ... ૩૨.
D સને ૧૯૨૪-૫ ના નવા જૂના વિદ્યાર્થીઓનાં સ્થાન જ્ઞાતિ આદિના કોઠાઓ. ૩૩.
E સને ૧૯૨૩-૪ ના જૂના વિદ્યાર્થીઓની પરીક્ષાનાં પરિણામના કોઠાઓ. ૩૪.
F પસાર થયેલા ગ્રેજ્યુએટ વિદ્યાર્થી સંબંધી માહિતીઓ. .... ... ૩૫-૩૬.
G શ્રી સારાભાઇ મગનભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડની યોજના. (સ્કીમ) ૩૭-૪૧.
H લોન રીફંડમાં વસુલ આવેલી રકમોની યાદી. .... ... ૪૨.
I ૧૯૨૩ જુન ૧ લી થી ૧૯૨૪ મે ૩૧ સુધી આવક જાવકનો સંસ્થાનો હિસાબ ૪૩-૪૪.
J ૩૧ મે ૧૯૨૪ આખર સુધીનું સંસ્થાનું સરવૈયું. ... .... ૪૫-૪૬.
K આગલી સાલોના વસુલ લવાજમો ( રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન ) ... ૪૭.
L અગાઉથી વસુલ આવેલ લવાજમો ,, ... ૪૭.
M સંવત ૧૯૭૯ ના વસુલ આવેલ લવાજમો ,, ... ૪૮.
N સંવત ૧૯૮૦ ના વસુલ આવેલ લવાજમો ,, ... ૪૯.
O ચાલુ ખાતામાં અન્યાન્ય પ્રસંગે મળેલી એક વખતની સહાયની રકમો ,, ૫૦-૫૧.
P થીસીસ પબ્લીકેશનને અંગે ભેટ મળેલી રકમોની યાદિ ૫૧.
Q પરચુરણ ખાતાઓમાં વસુલ ... ... ... ,, ૫૧.
R વિદ્યાલયને મળેલી ભેટની ચીજોની યાદી (સપ્ટેંબર ૧૯૨૪ સુધી) .... ૫૨.
S આંતર વ્યવસ્થાને અંગે ઓનરરી સુપ્રિન્ટેન્ડેન્ટનો રિપોર્ટ. ... ૫૩-૫૫.
T ડીબેટીંગ સોસાયટિનો રિપોર્ટ ... ... ... ... ૫૬.
U ધાર્મિક પરીક્ષાના સવાલ પત્રક... ... ... ... ૫૭-૫૮.
V પરીક્ષક શ્રીયુત બદામીનો રિપોર્ટ ... .... ... ૫૯-૬૦.
W શ્રી સા. મ. મોદી લોન સ્કોલરશીપ ફંડ સબ-કમિટીની કાર્યવાહીનો રિપોર્ટ. ૬૧-૬૩.
X મેનેજીંગકમિટી માટિંગની તારિખો હાજરી વિગેરે. ... ... ૬૪.
જનરલ કમિટીના મેંબરોનું લીસ્ટ... ... ... ... ૬૫-૭૨


# નવમા વર્ષની વ્યવસ્થાપક કમિટી.

## ચુંટાઇ આવેલા મેંબરોનું લીસ્ટ.

### ( રિટાયર થતી )

| | | | |
|---|---|---|---|
| ૧ મી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, | સેક્રેટરી. | ૮ શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ | મેંબર |
| | | ૯ ,, ચુનીલાલ વીરચંદ ... | ,, |
| ૨ ડોકટર નાનચંદ કસ્તુરચંદ મોદી | મેંબર. | ૧૦ ,, સારાભાઇ મગનભાઇ મોદી | ,, |
| ૩ શેઠ દેવકરણ મુળજી... ... | ,, | ૧૧ ,, હીરાલાલ અમૃતલાલ શાહ | ,, |
| ૪ ,, મોતીલાલ મુળજી ... . | ,, | ૧૨ ,, મણીલાલ સુરજમલ ઝવેરી | ,, |
| ૫ ,, મકનજીભાઇ જે. મ્હેતા બાર-એટ-લો | ,, | ૧૩ ,, અમરચંદ ઘેલાભાઇ ગાંધી | ,, |
| ૬ ,, મુળચંદ હીરજીભાઇ | આસી. સેક્રે. | ૧૪ ,, ફકીરચંદ નગીનચંદ ઝવેરી | ,, |
| ૭ ,, નરોત્તમદાસ ભાણજી કાપડીઆ | ,, | ૧૫ ,, લલ્લુભાઇ દીપચંદ ઝવેરી | ,, |

---

## ધારાધોરણ પ્રમાણે ચુંટાઈ આવ્યા ઉપરાંત મેનેજીંગ કમિટીના કાર્યમાં હકક ભોગવી શકનાર મેંબરોનાં નામોનું લીસ્ટ.

| | |
|---|---|
| ૧ શેઠ નવીનચંદ્ર હેમચંદ ( પેટ્રન ) | ૮ શેઠ હીરાલાલ બકોરદાસ |
| ૧ ,, નાગરદાસ પુરૂષોત્તમ. | ૯ ,, મોહનલાલ ઝવેરચંદ |
| ૩ ,, પાનાચંદ પ્રેમચંદ. | ૧૦ ,, રતનલાલ ચુનીલાલ |
| ૪ ,, મુળચંદ હીરાચંદ. | ૧૧ ,, વાડીલાલ પુરૂષોત્તમ |
| ૫ ,, ગોવિંદજી ખુશાલ. | ૧૨ ,, કીકાભાઇ પ્રેમચંદ રાયચંદ |
| ૬ ,, પરમાણંદ રતનજી. | ૧૩ ,, માણેકલાલ જેઠાભાઇ ગુલાબચંદ |
| ૭ ,, ગુલાબચંદ ધરમચંદ | |

**તા. કઃ**—આ હકકથી વ્યવસ્થાપક કમિટીના કાર્યમાં ભાગ લઇ શકનાર મેંબરો એ એક અપવાદ સિવાય પોતાના હક્કનો ઉપયોગ કરતા નથી. તેઓ વિશેષ રસ લેતા થાય તે ઇષ્ટ છે.

# .દશમી વાર્ષિક જનરલ મીટિંગ

## પ્રોસીડીંગનો સાર.

સંસ્થાના ધારાધોરણ અનુસાર સંસ્થાની સાધારણ વાર્ષિક જનરલ મીટિંગ તા. ૭ મી સપ્ટેંબર ૧૯૨૪ ને રોજ ભૂલેશ્વર લાલબાગ (મુંબઈ)માં સવારે ૮-૦ (મું. ટા.) બોલાવવામાં આવી હતી. તે વખતે બહુ મોટી સંખ્યામાં મેંબરો હાજર થયા હતા. અન્ય શ્રોતાઓ પણ બહુ મોટી સંખ્યામાં હાજર થયા હતા. આએ વ્યાખ્યાનનો હોલ બંધુઓ અને બહેનોથી લગભગ ચીકાર થઈ ગયો હતો. પં. લાભવિજયજી, પં. લલિતવિજયજી, પં. ઉમંગવિજયજી, પં. ખાંતિવિજયજી વિગેરે સાધુઓ મેળાવડાનું કાર્ય અવલોકવા પધાર્યા હતા. ધારાધોરણ પ્રમાણે સભાનુ પ્રમુખસ્થાન શેઠ દેવકરણ મુળજી (પેટ્રન) ને આપવામાં આવ્યું છે.

આસી. સેક્રેટરી શ્રીયુત મુળચંદભાઈ હીરજીએ નવમા વર્ષનો ઑડીટેડ હિસાબ અને મે ૧૯૨૪ આંકડ સુધીનું સરવૈયું વાંચી સંભળાવ્યું (પરિશિષ્ટ I & J) અને ઓ. સેક્રેટરીએ નવમો વાર્ષિક રિપોર્ટ વાંચી સંભળાવ્યો. સદરહુ હિસાબ સરવૈયું અને રિપોર્ટ પસાર થવાની દરખાસ્ત રજુ થઈ.

દરખાસ્ત કરનાર **શેઠ લલ્લુભાઈ કરમચંદ દલાલ,**
ટેકો આપનાર શેઠ **ભાઇચંદ અમુલખ**
સર્વાનુમતે પસાર.

આ સંસ્થાની આવતા વર્ષની મેનેજીંગ કમિટીની ચુંટણી વોટીંગ પેપર (મતપત્રક) થી થઇ હતી. તેમાંથી ૨૦ વોટીંગ પેપરો વખતસર અને રીતસર ભરાઇ આવ્યાં તેનું પરિણામ આસી. સેક્રેટરીએ નીચે પ્રમાણે જાહેર કર્યું.

| | | |
|---|---|---|
| ૧ શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ | ઓ. સેક્રેટરી | ૨૦ |
| ૨ શેઠ દેવકરણ મુળજી | ખજાનચી | ૨૦ |
| ૩ શેઠ મોતીલાલ મુળજી | મેંબર | ૨૦ |
| ૪ શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ | | ૧૯ |
| ૫ ડોકટર નાનચંદભાઇ કસ્તુરચંદ મોદી | " | ૧૯ |
| ૬ રા. રા. મકનજીભાઇ જે મહેતા | " | ૧૯ |
| ૭ શેઠ મુળચંદ હીરજી | " | ૧૮ |
| ૮ શેઠ મણીલાલ સુરજમલ ઝવેરી | આસી. સેક્રેટરી | ૧૮ |
| ૯ શેઠ હીરાલાલ અમૃતલાલ શાહ | મેંબર | ૧૮ |
| ૧૦ શેઠ સારાભાઇ મગનભાઇ મોદી | " | ૧૭ |
| ૧૧ શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી | | ૧૫ |
| ૧૨ શેઠ ચુનીલાલ વીરચંદ | " | ૧૫ |
| ૧૩ શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરી | | ૧૪ |



| | |
|---|---|
| ૧૪ શેઠ નરોત્તમદાસ ભાણજી કાપડીઆ. | ૧૧ |
| ૧૫ શેઠ ફકીરચંદ નગીનચંદ ઝવેરી. | ૧૧ |

ઉપર પ્રમાણે ચુંટણી જાહેર કરવામાં આવી હતી.

નવા વર્ષ માટે ઓડિટર તરીકે શેઠ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ અને શેઠ મોહનલાલ ખોડીદાસ શાહની નીમણુક કરવામાં આવી હતી.

દરખાસ્ત **શેઠ પ્રેમજી નાગરદાસ**
ટેકો શેઠ **વાડીલાલ સાકળચંદ.**

ખર્ચ આવકનું નીચેનું બજેટ પસાર કરવામાં આવ્યું હતું.

| | | | |
|---|---|---|---|
| ભોજન ખર્ચ | ૮૫૦૦ | ગેમ્સ | |
| ફી | ૬૮૦૦ | કોલેજ પુસ્તક | ૧૫૦ |
| પુના વિદ્યાર્થી | ૧૮૦૦ | ધાર્મિક શિક્ષણ | ૬૦૦ |
| નોકર ખર્ચ | ૨૦૦૦ | ધોલાઈ | ૨૦૦૦ |
| હથીઆર | ૧૪૦૦ | દેરાસર ખર્ચ | ૪૫૦ |
| છપાઇ | ૭૦૦ | પોસ્ટ | ૧૫૦ |
| વીમા | ૪૦ | મેડિકલ ભોજન | ૧૦૦ |
| રીડીંગ | ૧૨૫ | સ્ટેશનરી | ૧૨૦૦ |
| દવા | ૧૫૦ | લાઇટ | ૩૦૦ |
| કપડાં | ૨૫૦ | | ૬૦૦ |
| | | | ૨૫૦૧૫ |
| | | બીછાના ૧૦ ટકા | ૯૨૫ |
| | | ડેડસ્ટોક ૧૦ ટકા | ૪૭૫ |
| | | | ૨૬૪૧૫ |
| | | લાઇબ્રેરી | ૧૦૦૦ |
| | | ડૉ દામાણીને | ૨૫૦૦ |
| | | બીછાના ફરનીચર | ૫૦૦ |
| | | ચંદુલાલ શાહને | ૫૦૦ |
| | | | ૩૦૯૧૫ |

**આવક:—**

| | |
|---|---|
| લવાજમ, ઉઘરાણી અને બાકીના | ૧૨૦૦૦ |
| ભાડાખાતે | ૨૦૦૦ |
| ચાલુ ખાતે-(મોતીનાં કાંટા વિ. નો) | ૬૦૦૦ |
| પેઇંગ વિદ્યાર્થી | ૫૦૦૦ |
| લોન રીફંડ | ૨૫૦૦ |
| | ૨૭૫૦૦ |

| | | |
|---|---|---|
| બીલ્ડી ફંડ આવક આશરે | | ૧૨૫૦૦૦ |
| સદર | ખર્ચ | ૧૫૦૦૦૦ |

આ સંસ્થાના બીલ્ડીંગ ફંડમાં સહાય કરનાર મહાશયોની કાળાંતરે યાદગીરી કાયમ રહે અને નિઃસ્પૃહ વૃત્તિએ દાન આપનારનાં નામો ભવિષ્યની પ્રજા જાણી શકે તેથી સદર ફંડમાં સહાય કરનારને અંગે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે:—

૧ સંસ્થાના મુકામમાં વચ્ચેના સેંટ્રલ હોલમાં એક શિલાલેખ આરસનો તૈયાર કરી પ્રવેશ દ્વારની બરાબર સામે ભીંતે લગાવવો અને તેમાં સદર ફંડમાં એક હજાર અથવા તેથી વધારે રકમ ભરનારનાં નામો લખવાં.

૨ પ્રવેશ દ્વારની ડાબી બાજુએ ભીંતપર ૫૦૦ અને ૧૦૦૦ની વચ્ચેની રકમની સહાય કરનારનાં નામો આરસપર લખાવવાં,

ઉક્ત બન્ને પ્રકારના સહાયકો ધારા ધોરણ પ્રમાણે સંસ્થાના મેંબર થાય છે તેને આ ઠરાવથી બાધ આવતો નથી. ઉકત સ્થાન નિર્દેશમાં ઘટતો ફેરફાર મેનેજીંગ કમિટી કરી શકશે. બીજી રીતે જેઓનાં નામોની તખ્તી આદિ આવતા હશે તેનો સમાવેશ ઉકત લેખમાં કરવામાં આવશે નહિ.

૩ એકી વખતે અથવા જૂદે જૂદે વખતે થઇને સદર ફંડમાં ૫૦૦૦ અથવા વધારે રકમ આપનારનો બે ફુટનો ઓઇલ પેન્ટ ફોટો સંસ્થાના મધ્ય હોલમાં મૂકવો.

૪ ૧૦૦૦૦ અથવા તેથી વધારે રકમ એક યા જૂદે જૂદે વખતે સદર ફંડમાં આપનારના ગળાનો બસ્ટ એક ફુટ ઉંચાઇનો હોલમાં દાખલ થવાના દરવાજાની અંદરના ભાગમાં કોઇ પણ બાજુએ મૂકવો

૫ ૧૫૦૦૦ અથવા તેથી વધારે રકમ એક યા જૂદે જૂદે વખતે સદર ફંડમાં આપનારનું એક ફુટનું બસ્ટ હોલમાં દાખલ થવાના દરવાજાના બન્ને બાજુ ( ઉત્તર દક્ષિણ ) માંથી કોઇ પણ બાજુએ મૂકવું.

૬ ૨૦૦૦૦ સદર ફંડમાં એક યા જૂદે જૂદે વખતે આપનારનું દોઢ ફુટનું બસ્ટ હોલમાં દાખલ થતાં પ્લેટફોર્મની બેમાંથી એક બાજુએ મૂકવું.

૭ ૨૫૦૦૦ ની રકમ સદર ફંડમાં એક યા જૂદે જૂદે વખતે આપનારનું બે ફુટનું બસ્ટ હોલમાં દાખલ થતાં બરાબર સામે અથવા પ્રવેશ દ્વારના મથાળા પર મૂકવું.

નાણાં ભરવાની ઇચ્છા હોય તો તે પોતાની રકમથી પોતાના સગા મિત્ર કે વડિલનું નામ આપી શકશે. દરેક બસ્ટની નીચે આરસની તખ્તી મૂકી તેમાં ફંડની રકમ કોણે અને કેટલી ભરી છે તેની વિગત આપવામાં આવશે. ઓઇલ પેન્ટની નીચે પીતળની તખ્તીમાં અક્ષર કોતરાવી સદર હકીકત દાખલ કરવામાં આવશે.

કોઇ મહાશય ઉપરનો હક ભોગવવા ઇચ્છતો નહિ હોય તો તેના નામની તખ્તી લાગશે અને સ્થાન ખાલી રહેશે.

ત્રીજા ચોથા અને પાંચમા માળે ત્રીસ રૂમ થશે જેના પર આરસની તખ્તી નીચે પ્રમાણે મારવી "............બંધુએ રૂ.......... ની રકમ આ હોલના બંધામણના ખર્ચ પેટે આપી આ હોલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અર્પણ કર્યો છે." ......— આવી રીતે હોલ પર તખ્તી મારવાની રકમ રૂા. ૨૦૦૦) ઠરાવી છે. છ હોલ નાના છે તે પ્રત્યેક માટે રૂા. ૧૫૦૦) ની રકમ ઠરાવવામાં આવી છે. આવી રીતે હોલ પર જેની તખ્તી લાગશે તેનાં નામ સેંટ્રલ હોલના શિલાલેખમાં આવશે નહિ.

આમાંના કોઇ પણ ઠરાવથી મેંબર કે પેટ્રન થવાના અગાઉના ધારાને બાધ આવતો નથી.

સદર દરખાસ્ત મેનેજીંગ કમિટી તરફથી આવી હતી.
સર્વાનુમતે પસાર.

દરખાસ્ત કરનાર. **મો. ગિ. કાપડીઆ**
ટેકો આપનાર **શેઠ. લલ્લુભાઇ કરમચંદ દલાલ.**

ત્યાર પછી શ્રી મહાવીર સ્વામીની જયઘોષણા સાથે મેળાવડો વિસર્જન થયો હતો.

**મો. ગિ. કાપડીઆ.**
ઓ. સે.

(સહી) **દેવકરણ મુલજી.**
તા. ૭ ૯-૧૯૨૪



# THE GENTLEMAN.

Hence it is that it is almost a definition of gentleman to say he is one who never inflicts pain. This description is both refined and, as far as it goes, accurate. He is mainly occupied in merely removing the obstacles which hinder the free and unembarrassed action of those about him; and he concurs with their movements rather than takes the initiative himfelf. His benefits may be considered as parallel to what are called comforts or conveniences in arrangements of a personal nature: like an easy chair or a good fire, which do their part in dispelling cold and fatigue, though nature provides both means of rest and animal heat without them. The true gentleman in like manner carefully avoids whatever may cause a jar or a jolt in the minds of those with whom he is cast;—all clashing of opinion, or collision of felling, all restraint, or suspicion, or gloom, or resentment; his great concern being to make every one at their ease and at home. He has his eyes on all his company; he is tender towards the bashful, gentle towards the distant and merciful towards the absurd; he can recollect to whom he is speaking; he guards against unseasonable allusions, or topics which may irritate; he is seldom prominent in conversation, and never wearisome. He makes light of favours while he does them, and seems to be receiving when he is conferring. He never speaks of himself except when compelled, never defends himself by a mere retort, he has no ears for slander or gossip, is scrupulous in imputing motives to those who interfere with him, and interprets everything for the best. He is never mean or little in his disputes, never takes unfair advantage, never mistakes personalities or sharp sayings for arguments, or insinuates evil which he dare not say out. From a longsighted prudence, he observes the mxeim of the ancient sage, that we should

ever conduct ourselves towards our enemy as if he were one day to be our friend. He has too much good sense: to be affronted at insults, he is too well employed to remember injuries, and too indolent to bear malice. He is patient, forbearing, and resigned, on philosophical principles; he submits to pain, because it is inevitable, to bereavement, because it is irreparable, and to death, because it is his destiny. If he engages in controversy of any kind, his disciplined intellect preserves him from the blundering discourtesy of better, perhaps, but less educated minds; who, like blunt weapons, tear and hack instead of cutting clean, who mistake the point in argument, waste their strength on trifles, misconceive their adversary, and leave the question more involved than they find it. He may be right or wrong in his opinion, but he is too clear-headed to be unjust, he is as simple as he is forcible, and as brief as he is decisive. Nowhere shall we find greater candour, consideration, indulgence: he throws himself into the minds of his opponents, he accounts for their mistakes. He knows the weakness of human reason as well as its strength, its province and its limits. If he be an unbeliever, he will be too profound and large-minded to ridicule religion or to act against it; he is too wise to be a dogmatist or fanatic in his infidelity. He respects piety and devotion; he even supports institutions as venerable, beautiful, or useful, to which he does not assent; he honours the ministers of religion, and it contents him to decline its mysteries without assailing or denouncing them. He is a friend of religious toleration, and that, not only because his philosophy has taught him to look on all forms of faith with an impartial, but also from the gentleness and effeminacy of feeling, which is the attendant on civilization.

CARDINAL NEWMAN.

ॐ परमात्मने नमः

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

નો

## નવમો વાર્ષિક રિપોર્ટ.

**સુજ્ઞ બંધુઓ અને બ્હેનો!**

### ઉપોદ્‌ઘાત

આ સંસ્થાનો નવમો વાર્ષિક રિપોર્ટ આપની સમક્ષ રજુ કરતાં વ્યવસ્થાપક કમિટીને ઘણો હર્ષ ઉત્પન્ન થાય છે. પ્રત્યેક વર્ષે બહુ નવીન હકીકત કહેવાની હોતી નથી તેથી આ રિપોર્ટ નાનો તો લાગશે, પણ અમારી એવી દૃઢ માન્યતા છે કે જે સંસ્થાએ પોતાનું કાર્ય બરાબર ચલાવવું હોય, જેના જીવનનો આધાર લોકપ્રેમ પર નિર્ભર રહેતો હોય, જેણે પોતાનો વહિવટ તદ્દન ચોખ્ખો રાખવો હોય, તેણે પોતાનો વિગતવાર હેવાલ દર વર્ષે છપાવી પ્રગટ કરવાની જરૂર છે. હિસાબ ઓડિટ કરાવવાનો હોય છે ત્યારે પ્રથમથીજ તે બહુ ચોખ્ખો રહે છે, સમાજને જવાબ આપવાનો છે એ ખ્યાલમાં જ સંસ્થાનો વહીવટ બહુ સારો ચાલે છે અને કાર્યવાહકોને જાગતાં રહેવાનું એ પ્રબળ સાધન છે. જે સંસ્થામાં કાર્યવાહકોની પસંદગી દર વર્ષે ચુંટણીના ધોરણ પર અને તે પણ મતપત્રકથી થતી હોય ત્યાં સમાજ તરફની તેમની ફરજ બહુ સારી રીતે બન્યા કરવાના પૂરતા સંયોગો પ્રાપ્ત થાય છે; આવાં કારણોને લઇને કાંઈક પુનરાવર્તનના આક્ષેપના ભોગે પણ આપની સમક્ષ અમારૂં વાર્ષિક વક્તવ્ય રજુ કરવાની આ તક હાથ ધરવાની રજા લઇએ છીએ. બનતા સુધી પ્રત્યેક રિપોર્ટમાં કાંઈ કાંઇ નવીન બાબતો લાવવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. કેટલીક બાબતો તો પ્રત્યેક રિપોર્ટમાં આવવી જ જોઇએ, દાખલા તરીકે વિદ્યાર્થીઓની સંખ્યા, ખર્ચ, આવક વિગેરે, આપને વિજ્ઞપ્તિ કરવાની કે આ આખો રિપોર્ટ આપ સાદ્યંત સાંભળશો યા વાંચી જશો. સમાજ અને આપનો અમુક દૃષ્ટિયે એકીભાવ હોવાથી આપને એમાંથી ઘણું જાણવા અને વિચારવા જેવું મળશે અને આપ સૂચનાઓ કરશો તો નવીન કાર્યવાહક સમિતિને માર્ગદર્શક હકીકતો લક્ષ્યપર આવશે. આપ થોડીક મિનિટ અમારી સાથે ચાલો એટલી આપશ્રીને નમ્ર વિજ્ઞપ્તિ છે.

## સમારંભ

સંવત્ ૧૯૬૯ ના ચાતુર્માસને યાદ કરો. શ્રી મુંબઇ શહેરમાં જે વખતે પૂજ્યપાદ મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી સ્થિત થયા હતા. તેઓશ્રીએ પોતાની શક્તિનો અદ્‌ભૂત સદ્‌વ્યય કરી અનેક સંભાષણો કર્યા, સાત ક્ષેત્રો પર અનેક વિદ્વત્તા ભરેલાં વિવેચનો કર્યાં, દેશકાળાનુસાર જે ક્ષેત્રને વધારે સહાયની જરૂરીઆતો હોય તેને પોષણ આપવાની પ્રત્યેક જૈન બંધુ બ્હેનની ફરજ સમજાવી અને તે વખતે વર્તતી જૈન કોમની પરિસ્થિતિનું આબેહુબ ચિત્ર રજુ કર્યું. ત્યાર પછી કેળવણીની અનેક યોજનાઓ પર વિચારો ચાલ્યા, ચર્ચાઓ થઈ, મુંબઈ શહેરની અને જૈન કોમની સ્થિતિપર વિચારણાઓ ચાલી, ગુરૂકુળાદિ સંસ્થાઓનો પોતાનો પરિચય વ્યકત કર્યો અને એવી અનેક ચર્ચાને પરિણામે કેળવણીની કેંદ્ર બને એવી સંસ્થા કરવાનો ઉદ્દેશ તેઓશ્રીએ રજુ કર્યો. આ વિચારણા અને ચર્ચાએ ઘણો સમય લીધો અને સ્થળાદિની અનેક તપાસ કર્યા પછી છેવટે શ્રી મુંબઈ શહેરમાં આ સંસ્થાને સ્થાપિત કરવાનો નિર્ણય થયો અને તેને આપણા આસન્નઉપકારી ચરમ તીર્થપતિ શ્રી વીર પરમાત્માના પ્રેરક નામ સાથે જોડવાનો નિશ્ચય થયો. સંઘના કેટલાક આગેવાનોની ઇચ્છા આ સંસ્થા સાથે તેના ઉપદેશક શ્રીમદ્‌વલ્લભવિજયજીનું અથવા મુનિરાજ આચાર્યવર્ય શ્રીઆત્મારામજી (વિજયાનંદ સૂરીશ્વરજી) નું નામ જોડવા વિજ્ઞપ્તિ હતી છતાં કોઇ પણ રીતે આ સંસ્થા એકદેશીય ન બની જાય તે દીર્ઘ નજરથી તેઓશ્રીએ પોતાનો નિશ્ચય અડગ રાખ્યો અને એવી રીતે આ સંસ્થા સંવત્ ૧૯૭૦ના ફાગણ શુદિ ૫ ને દિવસે ચાલુ કરવાનો શ્રીસંઘે નિર્ણય કર્યો.

## યોજના.

કેળવણીના કાર્યને અનેક પ્રકારે હાથ ધરવાની જરૂર છે એવો નિર્ણય થતાં આધુનિક કેળવણી ઉપર લક્ષ્ય અપાયું. એ કેળવણી સાથે ધર્મરૂચિ રહેતી નથી એવો જ્વલંત આક્ષેપ થયા કરતો હતો, સાથે એ કેળવણી લેનાર વર્ગ વધતો જતો હતો એ વાત જણાઈ, અન્ય કોમોના પ્રમાણમાં આપણી સ્થિતિ ઘણી પાછળ પડતી જણાઇ અને એવા સંયોગોમાં કોમનો નવીન વર્ગ ધાર્મિક સંસ્કારવાળો થાય અને સાથે સુશિક્ષિત બને એવી યોજના પર વિચાર કરતાં છેવટે તુરતને માટે એક છાત્રાલય (બોર્ડિંગ) શરૂ કરવું, ત્યાં વિદ્યાર્થીઓને સર્વ પ્રકારનાં ભણવાનાં સાધનોની સગવડો કરી આપવી, ફી પુસ્તક, ભોજન, કપડાં આદિ સર્વ સામગ્રિઓ એવી રીતે પૂરી પાડવી કે વિદ્યાર્થીને ભણવા સાથે રળવાની ચિંતા ન રહે એવી ગોઠવણ કરવાનો નિર્ણય થયો. સાથે વિદ્યાર્થીના મન ઉપર સખાવતનો બોજો ન રહે એટલા માટે તેની પાસે રીતસર લખાણ કરાવી લેવું અને તેને અંગે થતાં ખર્ચનો મોટો ભાગ તે જીવનમાં સ્થિત થઇ ગયા પછી વગર વ્યાજે પાછો આપે તો એવા પ્રકારનો બોજો ન લાગે એમ વિચારણા થતાં અને એ પ્રમાણે કરવું એ તે વખત સુધીના



કેટલાંક કાર્યવાહકોના અનુભવને અનુરૂપ જણાવાથી એવી યોજના સાથે વિદ્યાલય શરૂ કરવાનો નિર્ણય થયો.

## વિદ્યાર્થી સંખ્યા.

શરૂઆત લવલેન (ભાયખલા) માં ભાડાના ઘરમાં કરવામાં આવી, પછી તુરતમાં લેમીંગ્ટન રોડ પર મુકામ ફેરવ્યું. શરૂઆતના વર્ષમાં વિદ્યાર્થી સંખ્યા વિગેરે કેટલા રહ્યા તે નીચેના પત્રક પરથી જણાશે. એમાં જે ફ્રી વિદ્યાર્થીઓ જણાવ્યા છે તે સંસ્થામાં રહી સર્વ પ્રકારનો લાભ મેળવનાર છે અને ભવિષ્યમાં અનુકૂળતા પ્રમાણે રકમ પાછી ભરી આપવાનું લખાણ કરી આપનાર છે. ધારાધોરણ પ્રમાણે તેમને ફ્રી વિદ્યાર્થી લેખાય છે, વાસ્તવીક રીતે તેઓ 'લોન' વિદ્યાર્થી કહેવાય. સાધનસંપત્તિવાળા વિદ્યાર્થીઓને સંસ્થામાં ધાર્મિક અભ્યાસ વિગેરેનો લાભ મળે, યોગ્ય અંકુશ તેઓ પર રહે અને સંસ્થાની નિયંત્રણાના લાભને લઈને મુંબઈની લાલચોથી દૂર રહેવાનું બની આવે તેટલા માટે કેટલાક પેઇંગ વિદ્યાર્થીઓને ટર્મની અમુક રકમ લઇ દાખલ કરવામાં આવે છે. તેવા વિદ્યાર્થીને નીચે પેઇંગ તરીકે ગણવામાં આવ્યા છે. પેઇંગ વિદ્યાર્થી પોતાની ઈચ્છા પ્રથમથી જાહેર કરી સંસ્થામાં ચાલુ રહી શકે છે. ફ્રી વિદ્યાર્થી તો ગ્રેજ્યુએટ થાય ત્યાં સુધી રહેવાને બંધાએલા છે. દરેક વર્ષની શરૂઆતમાં આ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ સંસ્થામાં કેટલા હતા તે નીચેના પત્રક પરથી માલૂમ પડશે. પ્રથમ વર્ષ એટલે સંવત ૧૯૭૧–૨ નું વર્ષ. સંસ્થાના હિસાબ વિગેરેની સગવડ માટે વર્ષ જુન માસની પહેલી તારિખે શરૂ કરવામાં આવે છે, કારણ કે તે વખતે યુનિવર્સિટિનું નવિન વર્ષ શરૂ થાય છે.

| | ફ્રી (લોન) | પેઈંગ કૂલ. | | ફ્રી (લોન) | પેઈંગ કૂલ. |
|---|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૧૪ | ૫–૧૯ | છઠું વર્ષ | ૨૮ | ૧૫–૪૩ |
| દ્વિતીય વર્ષ | ૨૫ | ૩–૨૮ | સાતમું વર્ષ | ૨૭ | ૧૧–૩૮ |
| તૃતીય વર્ષ | ૩૦ | ૬–૩૬ | આઠમું વર્ષ | ૩૨ | ૧૭–૪૯ |
| ચતુર્થ વર્ષ | ૩૧ | ૬–૩૭ | નવમું વર્ષ | ૨૯ | ૧૪–૪૩ |
| પંચમ વર્ષ | ૩૧ | ૧૨–૪૩ | દશમું વર્ષ | ૩૪ | ૧૪–૪૮ |

આવી રીતે સંસ્થાની શરૂઆત નાના પાયા પર કરી. તેમાં વધારો થતો જાય છે. છેલ્લા પાંચ વર્ષથી સંખ્યા ૪૦ અને ૫૦ વચ્ચે રહ્યા કરી છે. આમાં પુને ઇજનેરી અને ખેતીવાડીની લાઈનમાં અભ્યાસ કરતા આપણા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

આપને ઉપરના પત્રક ઉપરથી સવાલ થશે કે પાંચ વર્ષમાં સંખ્યાનો વધારો કેમ થયો નથી. તો જણાવવાની રજા લઈએ છીએ કે નવા વિદ્યાર્થી તો સારી સંખ્યામાં દર વર્ષે દાખલ થાય છે; પણ પેઈંગ વિદ્યાર્થી ન જોડાય અથવા ગ્રેજ્યુએટ થઇ કે બીજા શારીરિક કારણે સંસ્થા છોડે તેટલાજ લગભગ નવા આવે છે. વળી ફંડની પરિસ્થિતિનો વિચાર કરવાનો હોય છે, જગ્યાની અનુકૂળતા, રસોડાની સગવડ

અને યોગ્ય અંકુશની શકયતાની બાબત પણ તપાસવાની હોય છે. આયંદે આ બાબત ઉપર આપનું લક્ષ્ય ખેંચવામાં આવશે.

ગયા વર્ષનાં રિપોર્ટ પ્રમાણે નવમાં વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓ ૪૩ હતા, તે પૈકી વર્ષની આખરે ૩૬ રહ્યા. તે પ્રત્યેકનો અભ્યાસ, જ્ઞાતિ, વય, ધાર્મિક અભ્યાસ, ધાર્મિક પરિક્ષાનાં પરિણામ વિગેરે બાબતો આ સાથે પરિશિષ્ટ A માં જણાવવામાં આવેલ છે.

## પરિણામ વિગેરે.

એ ૩૬ પૈકી બે વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા, એક ડોકટરી લાઇનમાં અને એક બી. એ. માં પસાર થયા.

આ વર્ષની પરીક્ષાનું પરિણામ નીચે પ્રમાણે છેઃ—

| | બેઠા | પસાર | નાપાસ | કલાસ વિગેરે. |
|---|---|---|---|---|
| મેડિકલ પાંચમું વર્ષ | ૩ | ૧ | ૨ | ૧ સેકન્ડ |
| મેડિકલ ત્રીજું વર્ષ | ૩ | ૩ | ૦ | ૧ ફર્સ્ટ ૨ સેકન્ડ |
| મેડિકલ નેશનલ પ્રથમ વર્ષ | ૧ | ૧ | ૦ | ૧ સેકન્ડ |
| બી. એ. | ૧ | ૧ | ૦ | .... |
| ઈન્ટર આર્ટસ | ૬ | ૩ | ૩ | ૧ સેકન્ડ |
| ઈન્ટર સાયન્સ | ૪ | ૨ | ૨ | ૧ ફર્સ્ટ |
| ઈન્ટર કોમર્સ | ૩ | ૧ | ૨ | .... |
| પ્રીવીયસ | ૩ | ૨ | ૧ | ૧ ફર્સ્ટ |
| જી. ડી. એ. | ૨ | ૦ | ૨ | .... |
| મિકેનીકલ ઇંજીની | ૧ | ૧ | ૦ | ૧ સેકન્ડ |
| બી. ઈ. દ્વિતીય વર્ષ | ૧ | ૧ | ૦ | ૧ સેકન્ડ |
| બી. ઇ. પ્રથમ વર્ષ | ૧ | ૧ | ૦ | ૧ સેકન્ડ |
| | ૨૯ | ૧૭ | ૧૨ | ૩ ફર્સ્ટ<br>૮ સેકન્ડ<br>૧૧ |

એ પ્રમાણે આ વર્ષે ૨૯ વિદ્યાર્થીઓ યુનિવર્સિટિની પરિક્ષામાં બેઠા તેમાંથી સત્તર પસાર થયા છે, બાર નપાસ થયા છે. આવું ખરાબ પરિણામ આટલા વર્ષમાં આવ્યું નથી. એ પરિણામ ૫૮ાા ટકા ગણાય. અત્યાર સુધી પરિણામ ૮૦ ટકા ઉપર દર વર્ષે આવ્યું છે. આ વર્ષના આંકડા ઉપરથી જોવાશે કે ઈન્ટર આર્ટસનું પરિણામ સર્વથી વધારે ખરાબ છે. વિદ્યાર્થીઓને



દાખલ કરતી વખત બતાવાયલી ઉદારતાનું એ પરિણામ લાગે છે. આ વખતે વિદ્યાર્થીઓને ચેતવણી આપવામાં આવે છે કે જો આવી રીતે પરિણામ આવ્યા કરશે તો એક પરીક્ષામાં નપાસ થનારને પણ રદ કરવાનો ઠરાવ કરવો પડશે. આ વર્ષમાં વધારે ઉદ્યોગ ખંત અને ચીવટ વિદ્યાર્થીઓ રાખશે એવી ખાતરી મળી છે. આ સંબંધમાં કમિટીએ તપાસ કરવાની જરૂર છે. આવતી કમિટી એ સંબંધમાં જરૂર યોગ્ય તપાસ અને તજવીજ કરશે એવી અમારી સૂચના છે.

૩૬ વિદ્યાર્થીઓ પૈકી ૨૯ ની ઉપર પ્રમાણે પરીક્ષા હતી તેનાં પરિણામ જણાવ્યાં. નીચેના વિદ્યાર્થીઓને પરીક્ષા નહોતી.

| | |
|---|---|
| મેડિકલ ચોથું વર્ષ ૩. | જુનીયર બી. એ. ૧. |
| મેડિકલ બીજું વર્ષ ૨. | જુનીયરએગ્રીકલ્ચર ૧ |
| કુલ ૭ | |

મેડિકલ લાઈનના પાંચમા વર્ષનો એક બહિયલ ગામનો વિદ્યાર્થી બહુ સારો હતો તે મરણ પામ્યો. તેના સંબંધીઓને તેની રકમ આપી દેવા વિજ્ઞપ્તિ કરી છે અને તે મળી જશે એવો સંભવ છે. મેડિકલ ત્રીજા વર્ષના એક વિદ્યાર્થીને તબીયતને કારણે સંસ્થા ડોકટરી સલાહથી છોડવી પડવી, ઈન્ટર સાયન્સનો એક વિદ્યાર્થી છ. માસ માટે કોપી કરવા દેવા સારૂ સસ્પેન્ડ થયો અને જી. ડી. એ (ગવર્નમેન્ટ ડીપલોમાં બી. એકાઉન્ટ) નો એક પેઇંગ વિદ્યાર્થી બીજા ટર્મમાં જોડાયો નહિ.

આવતે વર્ષે પરિણામ વધારે સંતોષકારક આવવા સંભવ છે અને આ બાબતમાં વિદ્યાર્થીઓને વારંવાર પ્રેરણા કરવામાં આવે છે.

## ધાર્મિક જીવન.

વિદ્યાર્થીઓને દરરોજ પૂજા કરવાની બાબતમાં કાંઇક શિથિળતા અમુક વ્યક્તિઓને અંગે જણાતાં દ્રવ્ય ભાવ પૂજનના મહત્વને અંગે યોગ્ય સૂચવન આપવામાં આવ્યું હતું અને તેની તુરતજ અસર થઇ ગઈ છે. દરેક વિદ્યાર્થી હવે પૂજન કરે છે, માત્ર મેડિકલ વિદ્યાર્થીઓને સંસર્ગદોષ થયો હોય તો અંગપૂજન અમુક દિવસ ન કરવાનો આદેશ છે. રાત્રે સર્વ વિદ્યાર્થીઓ સાથે આરતી ઉતારે છે. સંસ્થાના મુકામમાં દેરાસર હોવાથી આ સર્વ સગવડ બની આવે છે અને વિદ્યાર્થીની શ્રદ્ધા સ્થિર થવામાં આ એક પ્રબળ સાધન છે એમ અનુભવથી માલૂમ પડયું છે. આ સંસ્થાનાં મુકામમાં વિદ્યાર્થીને રાત્રિભોજનનો નિષેધ છે. સંસ્થામાં સાયંકાળ પહેલાં સર્વ ભોજનકાર્ય આટોપી લેવામાં આવે છે તેમજ કંદમૂળ પણ બીલકુલ લાવવામાં આવતા નથી. રાત્રિભોજનત્યાગથી ધાર્મિક અને શારીરિક લાભ પૂરતો

થાય છે. દિવસ છતાં ભોજન કરી લેવાથી ભોજનને પચવાનો વખત ઘણો રહે છે. સાંજે ખુલ્લી હવાનો લાભ લઈ શકાય છે અને અપચો થવાનો સંભવ લગભગ નાબુદ થાય છે. ધાર્મિક વૃત્તિ બની રહે તેને અંગે આ બન્ને નિયમોનું પાલન સારી રીતે ચાલુ રહે તે માટે પૂરતી ચીવટ કાર્યવાહકો રાખ્યા કરે છે અને પ્રસંગોપાત સૂચના કર્યા કરે છે.

## ધાર્મિક કેળવણી.

પરંતુ શ્રદ્ધા સ્થિર કરવાનો ઉપાય તો જ્ઞાનજ છે. કેળવણી વગર ઉપર ઉપરની શ્રદ્ધા પ્રસંગ આવતાં ખસી જતાં વાર લાગતી નથી. 'શ્રદ્ધા પણ સ્થિર તો રહે રે, જો નવતત્વ વિનાણરે ભવિકજન. નાણ પદારાધન કરોરે.'—આ મુદ્દો પ્રથમથી લક્ષ્યમાં હોવાથી ધાર્મિક શિક્ષણનો પ્રથમથી આ સંસ્થામાં પ્રબંધ કર્યો છે. ધાર્મિક શિક્ષણ પણ પદ્ધતિસર અપાય, તત્વજ્ઞાનને લગતું હોય, સમજણ વિચારણા પૂર્વકનું હોય, નવીન શૈલીએ અપાતું હોય, તો નવયુવકોને બરાબર અસર કરે છે અને તે અસર દીર્ઘ કાળ રહે છે એવો વિચાર હોવાથી મુખ્ય પાઠય પુસ્તક તરીકે શ્રી ઉમાસ્વાતી વાચકના શ્રી તત્વાર્થાધિગમ સૂત્રનો અભ્યાસ ખાસ કરાવવામાં આવે છે. ઉપરના સર્વ નિયમોને અનુરૂપ તે પર સંભાષણ થાય છે અને શંકાસમાધાન પ્રેરણાથી અને પ્રેમથી થાય છે. પંડિત વ્રજલાલજી જેઓ ષડદર્શનવેત્તા હોવા ઉપરાંત સંસ્કારવાન છે તેમણે આ કાર્ય બહુ ફતેહમંદીથી ઉપાડી લીધું છે. રવિવાર સિવાય દરરોજ બે કલાક તેઓ ધર્મનો તત્વજ્ઞાનનો અભ્યાસ કરાવે છે. બે વર્ગ કરવામાં આવ્યા છે. પ્રત્યેકને એક એક કલાક આવે છે. શનિવારે સર્વ વિદ્યાર્થીઓ સાથે બેસે છે. આ વર્ષે તેમને શ્રી આનંદઘનજીની ચોવિશી સમજાવવામાં આવે છે. એ ચોવિશીમાં યોગ અધ્યાત્મ અને તત્વજ્ઞાન ભરપૂર હોવા સાથે ક્રિયાની વિશિષ્ટતા સાથે સાથે ઓતપ્રોત થયેલી છે એટલે એ વિદ્યાર્થી વર્ગમાં જરૂર નવો ચમકારો ઉત્પન્ન કરશે એવી ગણતરી ગણવામાં આવી છે. ઉપરાંત જે વિદ્યાર્થીઓને શ્રીતત્વાર્થસૂત્ર પૂરૂં થઈ ગયું છે તેઓને વાંચવા માટે શ્રીમદ્યશોવિજયજીનો અધ્યાત્મસાર આપવા ઠરાવ્યું છે. તેઓ શંકાસમાધાન ઉકત પંડિતજી પાસે કરી લેછે. આ વર્ષે ધાર્મિક પરીક્ષા શ્રીયુત સુરચંદભાઇ પુરૂષોત્તમદાસ બદામી બી. એ. એલ્. એલ્. બી. (સબ જજ્જ) એ લીધી હતી. તેમણે પરીક્ષાના પરિણામ તરફ સંતોષ બતાવ્યો હતો. તેઓશ્રી રિપોર્ટમાં જણાવે છે કે મને જણાવતાં આનંદ થાય છે કે પરિણામ સંતોષકારક છે. "પંડિતજી વિદ્યાર્થીઓને જે વિષય શીખવે છે તે બહુ સારી રીતે શીખવાય છે અને પંડિતજી જે શ્રમ કરીને આટલો અભ્યાસ વિદ્યાર્થીઓને કરાવે છે તે માટે વિદ્યાલય મારા મત પ્રમાણે પંડિતજીનું ઋણી છે" ધાર્મિક પરીક્ષાના જૂદા જૂદા વિભાગોમાં ૩૧ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી ૨૯ પસાર થયા છે. સારામાં સારા માર્ક ૧૦૦ માં ૭૪ આવ્યા છે. આ પરિણામ સંતોષકારક ગણી શકાય.



રા. બદામીએ જે ભલામણો કરી છે તે પર મનેજીંગ કમિટીએ પૂરતું ધ્યાન આપ્યું છે. પરીક્ષાના સવાલો તથા રા. બદામીનો રિપોર્ટ અને સૂચનાનો પત્ર આ સાથે અનુક્રમે પરિશિષ્ટ U અને V માં રજુ છે તે પર આપનું લક્ષ્ય ખેંચવામાં આવે છે.

ધાર્મિક પરીક્ષામાં ઉપર નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવેછે. આ વર્ષનો તે બાબતનો મેળાવડો હજુ સુધી થઈ શકયો નથી. આગળ ઉપર કરવામાં આવશે. એવા મેળાવડાથી હરિફાઈ તીક્ષ્ણ બને છે અને અભ્યાસમાં ઉત્તેજન રહેછે.

જૂના ૪૩ વિદ્યાર્થીઓનું વિગતવાર પત્રક તેઓના વય, સ્થાન વિગેરે હકીકત સાથેનું પરિશિષ્ટ આ સાથે ના. A માં સામેલ કરવામાં આવ્યું છે અને ના. C માં તેઓના અભ્યાસ સ્થાન જ્ઞાતિની તારવણીનું પત્રક રજુ કરવામાં આવ્યું છે તે પર આપનું ધ્યાન ખેંચવામાં આવે છે.

## નવીન અને ચાલુ વિદ્યાર્થીઓ

આપણે અત્યારે સંસ્થામાં રહી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની હકીકત પર છીએ તો નવા દશમા વર્ષમાં ચાલુ રહેલા અને નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓના અભ્યાસની હકીકત પણ વિચારી લઇએ એટલે વર્તમાન અભ્યાસનો પણ ખ્યાલ આવી જાય.

ગયા વર્ષની આખરે ૩૯ વિદ્યાર્થીઓ હતા તેમાંથી નવા વર્ષમાં ૩૨ વિદ્યાર્થીઓ ચાલુ રહ્યા. બાકીના બંધ પડયા તેનાં કારણો નીચે પ્રમાણે:—

૧ વિદ્યાર્થીનો અભ્યાસ પૂરો થવાથી છોડી ગયા.
૧ ફ્રી વિદ્યાર્થીને અભ્યાસ છોડવો પડયો.
૧ પેઇંગ વિદ્યાર્થીને તબીઅતને કારણે વિદ્યાલય છોડવું પડયું.

આ વર્ષમાં કોઇ પ્રકારની જાહેર ખબર આપી નહિ તો પણ ૪૧ અરજીઓ આવી તેમાંથી યોગ્ય વિદ્યાર્થીઓની પસંદગી કરતાં ૨૨ અરજીઓ મંજુર કરી કુલ ૧૪ વિદ્યાર્થીઓ સંસ્થામાં નવા જોડાયા: એ બાબતમાં ઘણી મોટી અગવડ એ રહે છે કે દાખલ થયેલી અરજીમાંથી કેટલાક વિદ્યાર્થીઓ: જોડાતા નથી. આથી પેઇંગ અને ફ્રીના સંખ્યાના પ્રમાણમાં ગોટાળો થઈ જાય છે. આ વખતે ૧૪ નવા વિદ્યાર્થી દાખલ કર્યા તે પૈકી ૧૧ ફ્રી અથવા લોન વિદ્યાર્થી છે અને ૩ પેઇંગ વિદ્યાર્થી છે.

આ વર્ષમાં ૩૪ જુના અને ૧૪ નવા મળી કુલ ૪૮ વિદ્યાર્થીઓ ચાલુ રહ્યા તે પ્રત્યેકનો અભ્યાસ વિગેરે માહિતી પરિશિષ્ટ B માં બતાવેલ છે. તે ઉપરથી જોવામાં આવશે કે ડોકટરી લાઇનમાં ૧૨ વિદ્યાર્થીઓ છે, તે પૈકી ૧૦ ગ્રાંટ મેડિકલ કોલેજમાં છે અને ૨ નેશનલ મેડિકલ કોલેજમાં છે. આ ઉપરાંત વ્યાપારી લાઇનમાં

૩ આર્ટ લાઈનમાં ૧૭ (જે પૈકી ૧ સીનીઅર બી, એમાં, ૩ જુનીઅર બી એ. માં ૬ ઈન્ટર આર્ટસમાં અને ૭ પ્રીવીયસમાં) સાયન્સ લાઈનમાં ૯ (જેમાં સીનીઅર બી. એસ સી. માં ૧ જુનીઅર બી. એસ. સી. માં ૧ અને ઈન્ટર બી, એસ. સી. માં ૭) છે. એક ડાકટર થયેલ વિદ્યાર્થી ગ્રેજયુએટ થયા પછીનો અભ્યાસ કરે છે.

એ ઉપરાંત મુંબઈમાં મીકેનીકલ ઈંજીનીઅરના ત્રીજા વર્ષમાં એક ચાલુ વિદ્યાર્થી છે.

પુને ઇજનેરી લાઇનમાં ત્રણે વર્ષમાં એક એક વિદ્યાર્થી છે અને ખેતીવાડી લાઈનમાં ત્રીજા વર્ષમાં એક વિદ્યાર્થી છે; એમ સંસ્થાના ફ્રી વિદ્યાર્થી તરીકે પુને ચાર વિદ્યાર્થીનો અભ્યાસ ચાલે છે.

## અભ્યાસની વિવિધતા

અભ્યાસ એ રીતે દરેક લાઈનમાં વહેંચાઈ ગયેલ છે. દેશાવર કે શહેરવાર જોઈએ તો પત્રક પરિશિષ્ટ નં. D ઉપરથી જણાશે કે નવીન વર્ષમાં ગુજરાત અને કાઠિયાવાડ સંસ્થાના કાર્યમાં વધારે ભાગ લે છે. તે પ્રત્યેકના અનુક્રમે ૨૩ અને ૧૭ વિદ્યાર્થીઓ છે. જ્યારે મેવાડના ૫, માળવાનો એક, કચ્છનો એક અને દક્ષિણ મહારાષ્ટ્રનો એક છે. એ પ્રમાણે ઘણા દેશો આમાં આવી જાય છે.

જ્ઞાતિ પણ સર્વ આવી જાય છે આ વર્ષે આપણા એક પટેલ જૈન બંધુને દાખલ કરેલ છે. વીશાનીમા અને લાડવાશ્રીમાળી પણ છે તે ઉપરાંત શ્રીમાળી ઓશવાળ પોરવાડ સર્વ જ્ઞાતિનો સમાવેશ વિદ્યાર્થી વર્ગમાં થઈ જાય છે. પત્રકના D માં એની વિગત જણાવી છે તે તરફ આપવાનું લક્ષ્ય ખેંચવામાં આવેછે.

## પ્રવેશનું ધોરણ

છતાં આ પ્રસંગે જણાવવું અનુચિત નહિ ગણાય કે આપની વ્યવસ્થાપક કમિટિ વિદ્યાર્થીના જ્ઞાતિ કે સ્થાન ઉપર જરા પણ લક્ષ્ય દાખલ કરતી વખતે આપતી નથી; માત્ર વિદ્યાર્થીની કૌટુંબિક પરિસ્થિતિ અને જરૂરીઆત તથા અભ્યાસ પર ધ્યાન આપવામાં આવે છે. ગરીબ અથવા બોર્ડીંગના વિદ્યાર્થીઓને પ્રથમ સ્થાન આપવામાં આવે છે અને અભ્યાસમાં આગળ વધી તેનાપર કરેલ ખર્ચ યોગ્ય પ્રકારનો ઠરાવી શકે તેવા હોય તેની બાબતો વિશેષ લક્ષ્ય ખેંચે છે અને જરૂરીઆત હોય ત્યાં આ સંસ્થાની વ્યવસ્થાપક કમિટી પ્રથમ હાથ લંબાવવા ઇચ્છા રાખે છે.

આ છેલ્લી બાબત વારંવાર પુનરાવર્તનને ભોગે પણ જણાવવાની જરૂર રહે છે. અમારા અનુભવ પરથી જણાયું છે કે અમુક ગામવાળા આ સંસ્થાને મદદ કરતી વખતે પોતાના ગામના અથવા પોતાની જ્ઞાતિવાળા વિદ્યાર્થીને દાખલ કરવા પ્રયત્ન કરે છે, સૂચના કરેછે અને કોઈ કોઇ તો શરત કરાવવાનો ખ્યાલ કરે છે. સંસ્થાના



નિયમ પ્રમાણે જે વિદ્યાર્થીને ઉમર કે અભ્યાસનો વાંધો ન હોય અને સંસ્થામાં અવકાશ હોય તો જરૂર દાખલ કરવામાં આવે છે, પરંતુ અહીં લાયકાત અને જરૂરીઆતનું ધોરણ સ્વીકારાય છે. આથી કોઇ પણ વ્યકિત કે જ્ઞાતિવાળાએ એ સંબંધમાં તુલના કરતી વખતે સમુદાયની નજરે જોવું, તપાસ કરવી અને પછી અભિપ્રાય આપવો. વારંવાર આ સંબંધમાં ખુલાસાઓ કરવા છતાં કવચિત્ કચવાટ થતો જોવામાં આવે છે તેથી આ બાબત પર પૂરીવાર પણ ખુલાસો કરવો આવશ્યક ધારવામાં આવ્યો છે. આ સંસ્થાના વહિવટ કરનારાઓ કોઈની લાગવગ ભલામણું કે દબાણને કદાપિ પણ વશ થતા નથી અને એવું જ્યારે જણાય ત્યારે વ્યવસ્થાપકો પોતાને સોંપાયલા વિશ્વાસને લાયક રહેતા નથી એ બાબત ભાર મૂકીને જણાવવાની જરૂર છે.

## આભાર નિવેદન.

ગત વર્ષમાં ભાઈ ગોવીંદજી ઉજમશી શાહ (બી. એ. એલ. એલ. બી.) એ પ્રથમ ટર્મમાં ઓનરરી સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કાર્ય કર્યું તે માટે તેમનો અને બીજા ટર્મમાં ભાઈ ચીમનલાલ સોમચંદ શાહ બી. એ. એ ઓનરરી સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કાર્ય કર્યું તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

સંસ્થાના વહીવટને અંગે સર્વ હિસાબ આસી. સેક્રેટરી મુળચંદભાઇ હીરજી રાખે છે. તેમના તથા સેક્રેટરીના કાર્યમાં અનેક પ્રકારે મદદ કરનાર ભાઇ જીવરાજ ભીખાભાઈ શાહનો આભાર માનવાની આ તક હાથ ધરવામાં આવે છે.

ડોકટર નાનચંદભાઇ કસ્તુરચંદ મોદી એલ. એમ. એન્ડ એસ. તો અમારામાંના એક છે, એટલે તેમને માટે વધારે શું કહીએ. મેડિકલ લાઇનના તેઓ ખાસ નિષ્ણાત છે અને એ લાઇનની સર્વ બાબતનું કાર્ય બહુધા તેમને પૂછીને કરવામાં આવે છે.

## ખર્ચ.

હવે આપણે સંસ્થાના આવક ખર્ચ તરફ નજર કરી જઇએ. આ સંસ્થાનો ઓડિટ કરાવેલો હિસાબ સંસ્થા તરફથી રિપોર્ટ સાથે છપાવવામાં આવે છે. નવમા વર્ષનો હિસાબ અને સરવૈયું પરિશિષ્ટ I માં જોવામાં આવશે. આપ ખર્ચની રકમો વિગતે તપાસશો તો આપના જોવામાં આવશે કે ખર્ચ રૂા. ૨૭૭૬૮–૩–૧૧ થયો છે તેમાં રૂા. ૧૪૨૩–૧૦–૦ મુકામનાં. ૫ ને અંગે ખર્ચના છે અને રૂા. ૨૩૪૦-૧૩-૧૧ વ્યાજના મજરે આપ્યા છે અને રૂા. ૧૧૩૮-૧૪-૦ બોંડ વેચ્યા તેના ઘટાડાના છે તે રકમો બાદ કરતાં રૂા. ૨૨૮૬૪–૨–૦ ની રકમ ચાલુ ખર્ચની છે. દરેક વિદ્યાર્થી દીઠ તે રકમ રૂા. ૫૫૭ ની લગભગ થવા જાય છે. ખર્ચની રકમ કેટલી વધતી જાય છે તે નીચેના કોઠા પરથી જણાશે.

| વર્ષ. | ખર્ચ. | | |
|---|---|---|---|
| ૧૯૭૧–૨ | ૮૩૫૩ | ૧૯૭૬–૭ | ૨૨૬૪૭ |
| ૧૯૭૨–૩ | ૧૨૩૩૬ | ૧૯૭૭–૮ | ૨૪૦૧૪ |
| ૧૯૭૩–૪ | ૧૪૫૭૯ | ૧૯૭૮–૯ | ૨૩૨૧૦ |
| ૧૯૭૪–૫ | ૧૮૧૧૮ | ૧૯૭૯–૮૦ | ૨૭૭૬૮ |
| ૧૯૭૫–૬ | ૨૨૫૧૦ | | |

પ્રથમ વર્ષમાં દર વિદ્યાર્થી દીઠ ખર્ચ રૂા ૪૮૯ હતો, બીજે વર્ષે ૪૨૫-૧-૦ આવ્યો છે. એ અગાઉના વર્ષમાં ભાડાની રકમમાંથી દર વિદ્યાર્થીએ લગભગ રૂા ૬૦) આવતા હતા અને હાલ ભાડા ખાતે કાંઈ લખવામાં આવતું નથી. આ પ્રમાણે ખર્ચ વધવાનું કારણ ચાલુ મોંઘવારી છે. માણસોના પગારમાં બહુજ થોડો વધારો થયો છે. ઓફિસ ખર્ચ તો લગભગ કાંઇ પણ નથી, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓનરરી છે; છતાં ખર્ચ બહુ સંભાળ અને યોગ્ય કરકસરથી કરવા છતાં વધતો જાય છે તે બાબત આપે ધ્યાન આપી વિચાર કરવાનો છે. ભોજન ખર્ચની આ વર્ષની રકમ ૬૩૫૬-૧૫-૯ અને મેડિકલ લાઈનવાળાને કોલેજ મેસમાં જમવાના બીલો કેટલીકવાર ભરવા પડે છે તેનો ખર્ચ રૂ. ૧૧૬૭-૭-૦ આવ્યો છે. જ્યારે કોલેજ અને પરીક્ષાની ફીના રૂા. ૫૪૭૯–૮-૦ થાય છે. આ બે મોટી રકમો છે. બાકી પરચુરણ ખર્ચ છે. પુને ત્રણ વિદ્યાર્થી હતા તેમનો ખર્ચ રૂા. ૧૪૨૬-૯-૬ આવ્યો છે. તેનો પણ ઉપરની રકમમાં સમાવેશ થાય છે. દીવાબત્તીના ખર્ચમાં રૂા. ૧૭૦૪-૧૫-૦ આવ્યા છે તેમાં છેલ્લા બીલ્ડીંગમાં વીજળીની બત્તીઓ નવી નંખાવી તેના બીલોનો પણ સમાવેશ થાય છે.

સંસ્થાના નોકરોમાં એક મહેતાજી, બે રસોયા, બે ઘાટી અને એક બીલ વસુલ કરનાર નોકર છે. બની શકે તેટલા ઓછા ખરચે ચલાવવાની વ્યવસ્થા કરી છે, છતાં વહીવટમાં કોઇ પણ પ્રકારની ખામી ન આવે તે માટે પૂરતી ચીવટ રાખી છે.

## આવક

આવકની બાજુ તપાસીએ તો જુના લવાજમના રૂ. ૯૬૬–૦-૦ રિપોર્ટવાળા વર્ષમાં વસુલ થયા, સંવત ૧૯૭૯ના લવાજમના અગાઉના આવેલા સાથે રૂ. ૧૩૭૩૫. જ્યારે ચાલુ ફંડમાં રૂ. ૪૧૦૬-૪-૦ની રકમ વસુલ આવી છે. ભાડાના રૂ ૧૯૫૭-૧૪-૬ આવ્યા છે. આ ઉપરાંત ઉઘરાણી પેટે અગાઉથી લવાજમ વસુલના રૂ. ૭૫૭૦-૦-૦ વસુલ આવ્યા છે. આ સર્વ આવક પૈકી રિપોર્ટવાળા વર્ષમાં વસુલ થયેલ રકમો જૂદા જૂદા ખાતાવાર મુખ્તેસર નામનિર્દેશ સાથે પરિશિષ્ટો K. થી N. માં જોવામાં આવશે લવાજમની ઘણી ખરી રકમો આ ચાલુ નવા વર્ષમાં પૂરી થવાની છે તે તરફ આપે ખાસ વિચાર કરવાનો છે. તે સંબંધી આગળ આજ રિપોર્ટમાં વધારે કહેવાતું થશે.

ચાલુ ખાતામાં મોતીના કાંટા તરફથી દર માસે રૂપીઆ ૧૨૫) મળે છે તેનો સમાવેશ થાય છે. આ વર્ષે તે ખાતાના વહીવટદારોએ જણાવ્યું કે સદર રકમ પંચા-



યત ખાતામાંથી આપવામાં આવે છે અને તે ૧૯૭૯ના આશો વદ ૦)) થી બંધ થઈ ત્યાર પછી પંચાયત ખાતાના પ્રમુખ શેઠ નાનાભાઇ તલકચંદને લખતાં અને મોતીના કાંટાના પ્રમુખ શેઠ ગુલાબચંદ દેવચંદને મળતાં આ રકમ હમેશને માટે ચાલુ રાખવા કૃપા કરી છે. તે માટે એ ખાતાના કાર્યવાહકોનો આભાર માનવાની આ તક હાથ ધરવામાં આવે છે.

ચાલુ ખાતામાં લગ્નાદિ પ્રસંગે સારી ભેટ મળે છે, પર્યુષણમાં નાની નાની રકમો ભેટ મળે છે, અન્ય પ્રસંગોએ લોકો હવે આ સંસ્થાને યાદ કરવા લાગ્યા છે તે સર્વ રકમનો આ ચાલુ ખાતામાં સમાવેશ થાય છે. પરિશિષ્ટ O માં એ ખાતાની વિગત વાંચવા વિજ્ઞપ્તિ છે.

શ્રી મહાવીર લોન ફંડમાં રૂ. ૫૦૦ ની બાકીની રકમ આપી બાબુ શેઠ જીવણલાલ પન્નાલાલ, શેઠ ભગવાનલાલ પન્નાલાલ અને શેઠ મોહનલાલ પન્નાલાલે એ નવીન ખાતાની શરૂઆતમાં દશ હજાર પૂરા કર્યા છે. એ દશે હજારની રકમ બે વિદ્યાર્થીને આપવાનું આપની કમીટીએ નક્કી કર્યું છે. એ ખાતાને વધારવાની ખાસ જરૂર છે.

## લોન રીફંડ.

આવકની બાબતને અંગે આપની સમક્ષ એક હકીકત રજુ કરતાં ઘણો આનંદ થાય છે. આપણે સંસ્થા શરૂ કરી ત્યારે વિદ્યાર્થીઓ પાસે એગ્રીમેન્ટ કરાવી લેવાનો ઠરાવ કર્યો છે તેની રૂઇએ જે ફ્રી વિદ્યાર્થીઓ સંસ્થામાં રહે તેમની પાસેથી દર વર્ષના રૂ. ૩૬૦) અને મેડિકલ વિદ્યાર્થીઓ પાસેથી સદર ઠરાવ પછી દાખલ થયેલ માટે વર્ષના રૂા. ૪૮૦) ની કબૂલાત લખાવી લેવાનું અને તે રકમ વગર વ્યાજે પાછી વસુલ આપવાનો ઠરાવ કરેલ છે તે આપના લક્ષ્યમાં હશે. આ રકમ હવે પાછી આવવા લાગી છે. જે વિદ્યાર્થીઓ સંસ્થા છોડી જીવનમાં સ્થિત થયા તેઓ નાની મોટી રકમો હવે ભરવા લાગ્યા છે. રિપોર્ટવાળા વર્ષમાં તેવી રકમ રૂા. ૧૮૭૫-૦-૦ આવી અને અત્યાર સુધીમાં ૪૪૮૪-૯-૦ વસુલ થયા છે. આ હકીકત સંતોષકારક એટલા માટે છે કે આ સંસ્થાનો લાભ લઈ બહાર પડેલા અભ્યાસીઓ આ સંસ્થા તરફનું પોતાનું ઋણ યાદ રાખી તે તરફ પ્રેમ ભાવે જુએ છે અને તેનો બદલો આપવાનું લક્ષ્યમાં રાખે છે. આવી રીતે અત્યાર સુધીમાં જે જે વિદ્યાર્થીઓ તરફથી ઉપરની રકમ વસુલ આવી તેનું લીસ્ટ આ સાથે પરિશિષ્ટ H માં જોડયું છે અને હવે પછીના રિપોર્ટમાં તે તે વર્ષમાં વસુલ થયેલ આવી રકમનો જૂદા પરિશિષ્ટમાં નિર્દેશ કરવા અમે આગામી મેનેજીંગ કમિટીને ભલામણ કરીએ છીએ.

આ પ્રસંગે બે વિદ્યાર્થીની બાબત ખાસ જણાવવાની તક લઇએ છીએ. ભાઈ મોહનલાલ હાથીભાઈ (દેહગામ) આ સંસ્થામાં રહી એમ, બી, બી, એસ. થઇ લખતર સ્ટેટમાં ચીફ મેડિકલ ઓફીસર થયા, તેણે બાકીની રકમ નવા વર્ષમાં એક સાથે આપી પોતાનું બોન્ડ તદ્દન ભરપાયા કર્યું છે અને સાથે એવા સુંદર કાગળો

લખે છે કે વાંચીને આનંદ થાય. બીજા વિદ્યાર્થી ભાઈ ચીમનલાલ મોતીલાલ પરીખ (ખેડા) છે તેઓ બી. કોમ થયા. ધી ઇસ્ટ ઈન્ડીઆ કોટન એસોસીએશનના હેડ કલાર્ક થઈ તેમણે પણ ભાઈ મોહનલાલની સાથેજ પોતાની આખી બાકીની રકમ નવા વર્ષમાં આપી દઈ સંસ્થા તરફનો પોતાનો જ્વલંત પ્રેમ બતાવી આપ્યો છે. આ બન્ને દૃષ્ટાન્તો જરૂર અનુકરણ યોગ્ય છે.

સંસ્થામાંથી ગ્રેજ્યુએટ થઇ બહાર પડેલા વિદ્યાર્થીની સંખ્યા હવે મોટી થઈ છે તે પરિશિષ્ટ F માંથી જણાશે. તેઓને એક મેંબર પોતાના તરફથી ચુંટી મેનેજીંગ કમિટીમાં મોકલવાનો હકક આપવો યોગ્ય છે એવી અમારી ભલામણ છે. એવા મેંબરથી આપણને ઘણો લાભ થશે. વિદ્યાર્થી મેંબર પોતાના અનુભવનો આપણને લાભ આપી શકશે. આવો ઠરાવ આપણા ભાવી આશારત્નોને સંસ્થા તરફ આકર્ષણ કરતો રહેશે. આ વર્ષમાં પુને ત્રણ વિદ્યાર્થીઓ હતા. બે ઇજનેરી લાઇનમાં અને એક ખેતીવાડીની લાઇનમાં.

## ઊંચો અભ્યાસ.

દૂર દેશમાં ઊંચા અભ્યાસ માટે ઘટતી મદદ પૂરવણી તરીકે આપવા દ્વારા વિદ્યાર્થીઓ મોકલવાના કામમાં આ સંસ્થા સહાય કરે છે. હાલ બે વિદ્યાર્થીઓને અંગે તે કાર્ય ચાલે છે: એક વિદ્યાર્થી ભાઈ ચંદુલાલ નાનચંદ શાહ એપ્લાઇડ કેમીસ્ટ્રીનો અભ્યાસ કરવા અમેરિકા ગયેલ છે તેને સંસ્થા તરફથી કુલ રૂ. ૪૪૭૫-૧-૦ મોકલાયા છે. તેના અભ્યાસની બાબતમાં ઘણો સંતોષ થયો છે. પહેલેજ વર્ષે પ્રથમ વર્ગમાં પસાર થઇ એણે ત્યાંના ડીનની સારી પ્રશંસા મેળવી હતી. એ થોડા વખત ઉપર ગ્રેજ્યુએટ થયેલ છે અને ખાસ માનનુ એણે પ્રમાણપત્ર મેળવ્યું છે (Passed with final and special honours.) વળી એને ૪૫૦ ડોલરની એક સ્કોલરશીપ મેળવી છે જે અત્યાર સુધીમાં પરદેશીને ભાગ્યેજ મળી છે. વિજ્ઞાનને અંગે બે સંસ્થામાં એ ભાઇ 'મેંબર' નીમાયેલ છે અને યુનિવર્સિટિમાં 'ઓનરરી આસીસ્ટંટ'નું પદ તેણે પ્રાપ્ત કર્યું છે. એ ૧૯૨૬ ના જુન સુધીમાં પી એચ. ડી. ની ડિગ્રી મેળવી શકશે. અમેરિકામાં પરદેશી તરફ હાલ જે વર્તન ચાલતું વાંચવામાં આવે છે તેને અંગે આ વાત તો ખરેખર ઘણી માનપ્રદ ગણાય

બીજો આપણો વિદ્યાર્થી ડોકટર દામાણી અહીંથી ડોકટરની ઉપાધિ મેળવી ઇંગ્લાંડમાં ડી. ઓ. નો આંખનો અભ્યાસ કરે છે. એમની ઇચ્છા એફ. આર. સી. એસ. થવાની છે પણ તેને મળનારી અન્ય તરફની મદદમાં કાંઇક અગવડ થઈ છે. યોગ્ય પ્રયત્ને તેની ઈચ્છા પાર પડશે તો તે પણ સારી પ્રગતિ દેખાડે તેવી તેની અત્રેની કારકિર્દી હતી.

આ સંસ્થા તરફથી ઘટતી મદદના વચન સાથે અર્થશાસ્ત્ર (Economics)નો અભ્યાસ કરવા ગયેલ ડોકટર નગીનદાસ જગજીવન જે આ સંસ્થામાં બી. એ. (ઓનર્સ) થયા હતા તે આ રિપોર્ટવાળા વર્ષમાં સારાં પ્રમાણપત્રો સાથે ડી. પી. એચ ની



ડીગ્રી મેળવી પાછા પૂર્યા છે. તેમણે અભ્યાસમાં મૌલિકતા બતાવવાથી તેને ડોકટરનું નામાભિધાન મળ્યું અને અસલ લેખ લખવા માટે તેમના પ્રોફેસરોએ સંતોષ બતાવ્યો. તેને માન આપવાનો મેળાવડો આ સંસ્થા તરફથી તા. ૧૮-૧૦-૧૯૨૪ ને રોજ સર પરશોત્તમદાસ ઠાકોરદાસના પ્રમુખપણા નીચે થયો હતો તે વખતે ડો. નગીનદાસનો લેખ આ સંસ્થા તરફથી પ્રગટ કરવા માટે સારી રકમ એકઠી કરવામાં આવી હતી તેમાં રૂ. ૨૦૫૭-૦-૮ ની રકમ એકઠી થતાં તે પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. તે ખાતે રૂ. ૪૮૫-૮-૦ ખેંચાય છે તે સદર રકમ બાદ કરતાં વધારાનાં ખર્ચના સમજવા. ઉક્ત રકમ ભરનાર ઉદાર ગૃહસ્થોનાં નામ પરિશિષ્ટિ P માં જોવામાં આવશે. આપણે એ સંબંધી સૂચના કરવા માટે અને ફંડ શરૂ કરવા માટે સર પરશોત્તમદાસ ઠાકોરદાસના ખાસ આભારી છીએ. ડોકટર નગીનદાસ હીંદુ યુનિવર્સિટિ (બનારસ) માં પ્રોફેસર તરીકે નીમાયા છે એ બાબતમાં આપણે યોગ્ય ગૌરવ લઈ શકીએ છીએ.

ઉપર જે પુસ્તક છપાવવા રકમ એકઠી કરી છે તે સદર પુસ્તકોનું વેચાણ થતા અન્ય પુસ્તક પ્રસિદ્ધિને અંગે ઉપયોગમાં લેવામાં આવશે. રકમનો વહીવટ સંસ્થાને તે મેળાવડા પ્રસંગે સુપ્રત થયેલો છે.

## સામાન્ય જાગૃતિ.

વિદ્યાર્થીઓના ધાર્મિક જીવનની પ્રગતિ માટે જે અભ્યાસ થાય છે તેના ઈનામને અંગે એક સુંદર મેળાવડો શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં તા. ૩૦-૯-૨૩ ને રોજ કરવામાં આવ્યો હતો તે પ્રસંગે સારાં વ્યાખ્યાનો થયાં હતાં.

પંન્યાસ શ્રી દેવવિજયજી તા. ૧૯-૮-૨૩ ને રોજ સંસ્થામાં પધારી વિદ્યાર્થીઓ સાથે 'આત્મજ્ઞાન'ના વિષયપર પ્રકાશ કરી ગયા હતા.

આ સિવાય વિદ્યાર્થીઓની ધર્મરૂચિ જાગૃત રહે અને સંસારવ્યવહારનો અનુભવ મળે તેવાં વ્યાખ્યાનો અપાવવાનો પ્રબંધ થયો હતો અને વિદ્યાર્થીઓ પોતેપણ કેટલોક વિચારવિનિમય ચર્ચાદ્વારા અને પોતાની કલબ સોસાયટિમાં કરતા રહ્યા હતા. આ વર્ષનો ડીબેટીંગ સોસાયટિનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ T માં છે તે જોતાં રિપોર્ટવાળા વર્ષમાં બહુ સંતોષકારક કાર્ય થયું લાગતું નથી. વિદ્યાર્થીઓ આ નવીન વર્ષમાં તે બાબત ઉપર વધારે ધ્યાન આપશે એવી સૂચના છે. અંદર અંદર ચર્ચા કરવાથી વિચારની સ્પષ્ટતા અને સ્થિરતા થાય છે અને સુધારણાને અવકાશ મળે છે આ યુગમાં 'પ્રેસ અને પ્લેટફોર્મ' છાપખાનું અને જાહેર ભાષણસ્થાનો જે મહત્વનાં સ્થાન ભોગવે છે તેની તૈયારીઓ અહીં થાય છે. એ વિષયમાં સંસ્થા વધારે ધ્યાન આપે તો તેથી વિદ્યાર્થીને ભવિષ્યના જીવનમાં બહુ મોટો લાભ થાય તેમ છે. આ બાબત પર વિદ્યાર્થી અને સુપ્રિન્ટેન્ડેન્ટનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

## શ્રી સારાભાઇ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ.

ગત વર્ષની કેટલીક જરૂરી હકીકતો આપને નિવેદન કરવાની રજા લઇએ છીએ. અત્યાર સુધીના નિયમ પ્રમાણે આપણી સંસ્થામાં સ્કૂલ લીવીંગ (મેટ્રીકયુલેશન) પછીના કોલેજના વિદ્યાર્થીઓને દાખલ કરવાનો પ્રબંધ હતો, પરંતુ માધ્યમિક કેળવણી માટે કોઇ પણ પ્રકારનો પ્રબંધ ન હોતો. મધ્યમ કેળવણી માટે મુંબઇનો ખર્ચ પરવડે નહિ તેટલા માટે આપણે એ ધોરણ સ્વીકાર્યું હતું; છતાં જીલ્લા અને પ્રાંતમાં તથા કવચિત્ મુંબઇમાં પણ સહાયને અભાવે વિદ્યા લેવાની અભિરૂચિવાળાને અભ્યાસ છોડી દેવો પડતો હતો તે હકીકત આપણા લક્ષ્યમાં હતી. રા. સારાભાઇ મગનભાઇ મોદી બી. એ. જેઓ આ સંસ્થામાં પ્રથમથી ઘણો રસ લે છે અને જેઓ આ સંસ્થાની શરૂઆતથી વ્યવસ્થાપક સમિતિના સભ્ય છે તેઓએ પોતાની વિચારશીળ દૃષ્ટિથી આ મહત્વની જરૂરીઆત જોઇ લીધી અને માધ્યમિક કેળવણીને અંગે જે કોઇ સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થી અંગ્રેજી માધ્યમિક કેળવણી લેવા ઇચ્છતા હોય, નરસીંગ કે મીડવાઇફરીનો અભ્યાસ કરવા ઇચ્છતા હોય, મીકેનીકલ ઇંજીનીઅરીંગ કે ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટની કેળવણી લેવા ઇચ્છતા હોય તેમને લોન રૂપે સહાય કરવાની તેમણે ઇચ્છા બતાવી અને લંબાણ ચર્ચા પછી તેઓના સહમતથી એક વિગતવાર સ્કીમ (યોજના) તૈયાર કરી, તે અનુસાર પાંચ વર્ષમાં રૂા. ૩૫૦૦૦ સંસ્થાએ લોન તરીકે વચગાળેના અભ્યાસીઓને ધીરવા અને વગર વ્યાજે પાછા મેળવવાની શરતનું કરારપત્ર કરાવવું એવી યોજના સાથે તે માટે જોઇતા રૂા. ૩૧૦૦૦ તેઓએ સંસ્થાને સોંપી દીધા. તેઓની સાથે થયેલી શરત પ્રમાણે નવ ગૃહસ્થોની એક પેટાકમિટિ અમારી કમિટિએ નીમી અને તેમાં પાંચ અમારી પસંદગીના સભ્યો અને ચાર સદર શેઠ સારાભાઇ તરફના સભ્યો નીમ્યા. એવી રીતે નીમાયલી કમિટીએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું છે. રા સારાભાઇ મ. મોદીએ આપણી એક મહત્વની આવશ્યકતા બહુ વિચારપૂર્વક ઘડેલી યોજના સાથે પૂરી પાડી છે. તેઓ પોતે મધ્યમ સ્થિતિમાંથી વધેલા હોઇ સાંસ્કારિક પદ્ધતિએ કાર્ય હાથ ધરવા ઉદ્યુકત થયા તે માટે આ તકે અમે તેમને અભિનંદન આપીએ છીએ અને અમારા આ અભિપ્રાય સાથે આપ સર્વ સંમત થશો એમ આશા રાખીએ છીએ.

રા. સારાભાઇ મગનભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડની આખી યોજના આ સાથે પરિશિષ્ટ G માં રજુ કરવામાં આવી છે તે બહુ ચર્ચા પછી નિર્ણિત થયેલી છે અને ખાસ વિચારવા યોગ્ય છે. એ કાર્યને અંગે જે પેટાકમિટી નીમવામાં આવી હતી તેના સભ્યોના નામનિર્દેશ સાથે તે પેટાકમિટીનો રિપોર્ટ આવ્યો છે તે આ સાથે પરિશિષ્ટ W માં રજુ છે. આ શરૂઆતનું વર્ષ છે તેથી લોન રૂપે મદદ લેવા બહુ મોટી સંખ્યામાં અરજીઓ આવી નથી પણ અમને ખાતરી છે કે પાંચ વર્ષની આખરે કૂલ રકમ ધીરી દેવામાં આવશે. અમને આશા છે કે રા. સારાભાઇ



મોદી આ રકમમાં વધારો કરી પોતાના ઉત્સાહને સદોદિત રાખશે. વળી આ લોન ફંડ એક સાર્વજનિક ફંડ છે. કોઇપણ બહારની વ્યકિત તેમાં સહાય કરી શકે છે અને આપ જ્યારે તેની ઉપયુકતતા જોશો ત્યારે આપને જરૂર આવા સાર્વત્રિક ખાતામાં સહાય આપવાની ભાવના થઇ આવશે.

આ પ્રસંગે એક બીજી વાત પણ જણાવવી ઉચિત થઇ પડશે. આ સંસ્થા કેળવણીને લગતા આવાં આવાં ટ્રસ્ટો જૂદા જૂદા આકારમાં પેટાકમિટીદ્વારા અથવા બીજી યોગ્ય રીતે વ્યવસ્થામાં મૂકવા હમેશા તૈયારજ છે. આવા અનેક ખાતાઓ અને બોર્ડિંગોના કેદ્ર બનવાની આ સંસ્થાની ભાવના આવી રીતેજ પાર પડશે. વિદ્યાલયના કાર્યનો ગત વર્ષમાં થયેલો આ નવીન દિશામાં વધારો છે. આપ તેને પૂર્ણ ઉત્સાહથી વધાવી લેશો અને તેને જીવન આપનારા આશ્રયદાતાનો જરૂર ઉપકાર માનશો.

## સોશીઅલ ગેધરીંગ વિગેરે.

ઉપરની બાબતમાં કેટલીક નવીન વર્ષની બાબતનો સમાવેશ કરવો પડે છે. નવા વર્ષ (દશમા) ની બીજી પણ થોડી વાત આ પ્રસંગે કરી નાખીએ.

નવીન વર્ષમાં વિદ્યાર્થીઓને સારી સંખ્યામાં દાખલ કર્યા છે. નવા ૧૪ વિદ્યાર્થીઓ જોડાયા છે જે હકીકત ઉપર રજુ થઇ ગઇ. તેમાંથી જોડાયા પછી કોઇ કોઇ વિદ્યાર્થીને તબીયતને કારણે વિદ્યાલય છોડી જવું પડયું છે. તેમના સંબંધી ઉલ્લેખ આવતા રિપોર્ટમાંજ થઇ શકે અત્યારે વિદ્યાલયના રેકર્ડપર મુંબઇ અને પુને થઇ ૪૮ વિદ્યાર્થીઓ છે.

નવીન વર્ષમાં આપણી સંસ્થાના વિદ્યાર્થીઓએ બહુ પ્રયાસ કરી એક પ્રીતિ-સંમેલન (ગેધરીંગ) નો મેળાવડો કર્યો હતો. એને માટે બહુ તૈયારીઓ કરી હતી. તા. ૩-૮-૨૪ ને રોજ જૂના અને નવા ચાલુ વિદ્યાર્થીઓ સાથે જમ્યા હતા, ત્યારપછી રમત ગમતની હરીફાઇ કરી હતી અને બપોરે કેટલાક પાઠો સારી રીતે ભજવ્યા હતા અને વકતૃત્વની હરીફાઇ કરી હતી. ચાર વાગે મુઝફરાબાદમાં શ્રીયુત મકનજી જે. મ્હેતા બેરીસ્ટરના પ્રમુખપણા નીચે મેળાવડો થયો હતો. વિદ્યાર્થી ગૃહસ્થો અને બાનુઓ મળી લગભગ ૫૦૦ ઉપર હાજરી હતી, મેળાવડામાં પ્રસંગાનુસાર વિવેચનો થયા હતા. સર્વે હાજર રહેલાઓએ ત્યાર બાદ ઉપાહાર ચા વિગેરેનો લાભ લીધો હતો અને સાયંકાળે ‘ રાણા પ્રતાપ ’ નો ખેલ વિદ્યાર્થીઓએ પૂર્ણ ઉત્સાહથી ભજવી બતાવ્યો હતો. આખો વખત સર્વને ઘણો આનંદ થયો હતો. આ પ્રથમ સંમેલન હોવા છતાં અને આખા મેળાવડાની જવાબદારી અને વ્યવસ્થા વિદ્યાર્થીઓના એકલાના હાથમાં હોવા છતાં કોઈપણ પ્રકારની ખાસ ખામી જણાઇ આવી નહોતી. આવા મેળાવડાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, મેળાવડાઓની વ્યવસ્થા, કાર્યની મુશ્કેલીમાંથી પસાર થવાની શક્તિ વિગેરે અનેક વ્યવહારૂ ગુણોનો વિકાસ

થાય છે અને સમાજ સાથે મળવાનું થાય છે તેથી આવા પ્રસંગો જરૂર હાથ ધરવા યોગ્ય છે. આ કાર્યમાં ઉત્સાહથી ભાગ લેનાર વિદ્યાર્થીવર્ગના સેવાધર્મની અને કાર્યવાહી સમિતિના સભ્યોના ઉત્સાહની આ સ્થળે ખાસ નોંધ લેવામાં આવે છે.

## પ્રીતિભોજન.

સંસ્થામાં વિદ્યાર્થીઓ સાથે સમાગમ વધે તે સારૂ આ નવીન વર્ષમાં શ્રીયુત મકનજી જે. મ્હેતાએ વિદ્યાર્થી અને વ્યવસ્થાપક કમિટીનું એક સંયુકત પ્રીતિભોજન તા. ૧૩-૭-૧૯૨૪ ને રોજ પોતાના ફૂલ ખરચે આપ્યું હતું. આવા મેળાવડાથી ઘણા પ્રકારના લાભ થાય છે, મેંબરોમાં સહચાર વધે છે અને વિદ્યાર્થીઓ વધારે નજીક આવે છે. આવા પ્રસંગો વધારે ઉપસ્થિત કરવા અમે ભલામણ કરીએ છીએ. આવા ભોજનમાં સંસ્થાની એક પણ ચીજ વપરાય તેનો બરાબર હિસાબ રાખી વસુલ કરવામાં આવે છે એટલે આવા ભોજનથી સંસ્થાને જરા પણ બોજા વગર તેના ઉદ્દેશને પાર પાડવાનો એક પ્રસંગ પ્રાપ્ત થાય છે.

## મેનેજીંગ કમિટી.

મેનેજીંગ કમિટીની આ વર્ષમાં ૧૩ મીટિંગ થઇ હતી. હાજરી સારી રહી હતી, તેની વિગત પરિશિષ્ટ X માં જોવામાં આવશે. હક્કથી બેસનારા મેંબરોમાંથી હજુ ઘણા થોડા રસ લે છે. મીટિંગની ખબર તેમને પોષ્ટકાર્ડદ્વારા આપવામાં આવે છે.

## મુકામ ફંડ.

આપ સર્વના મનમાં રમી રહેલી બાબતપર હવે આવી જઇએ. આપના લક્ષ્યમાં હશે કે આ વર્ષે પૂજ્યશ્રી વલ્લભવિજયજી મહારાજે અંત્યત કૃપા કરી આ સંસ્થાના કાર્યને વધારે પ્રગતિમાં મૂકવા સારૂ પંન્યાસજી લલિતવિજયજી અને મુનિરાજશ્રી પ્રભાવવિજયજીને પંજાબથી મુંબઇ મોકલ્યા. તેઓશ્રીના આદેશથી તેમના શિષ્ય પંન્યાસશ્રી ઉમંગવિજયજી મુનિરાજશ્રી નરેંદ્રવિજયજી આદિ પાંચ સાધુઓ અમદાવાદથી જોડાયા. તેઓશ્રીને વંદન કરવા આપણા કેટલાક સભ્યો અમદાવાદ ગયા. રસ્તામાં જૂદે જૂદે સ્થળે મેંબરો વિગેરે અનેક બંધુઓએ તેઓને વધાવી લીધા. વીલેપારલેમાં પૂજ્ય ઉપકારી મુનિરાજ આચાર્યશ્રી આત્મારામજી મહારાજની જયંતિ જેઠ શુદ આઠમને રોજ ઉજવવામાં આવી અને પૂર્ણ ઉત્સાહથી એ સાતે મુનિમહાત્માઓનો પ્રવેશ જેઠ શુદ ૧૧ ને રોજ મુંબઇમાં થયો. તે પ્રસંગે મુનિરાજશ્રી વલ્લભવિજયજી તરફથી 'વિજ્ઞપ્તિ' પત્ર પ્રસિદ્ધિમાં આવ્યો. એ સંદેશો ખરેખર બહુ વાંચવા લાક છે. આ રિપોર્ટમાં એ વિજ્ઞપ્તિપત્ર એક સ્થાનકે છપાયલું જોવામાં આવશે. એને વિજ્ઞપ્તિ કહેવી કે શું ઉપનામ આપવું તે સમાજે વિચારવાનું છે. એ તેઓશ્રીનું હાર્દ બતાવે છે, સંસ્થા તરફનો પ્રેમ સૂચવે છે અને સંપૂર્ણ દીર્ઘ દૃષ્ટિ સૂચવે છે.



અહીં આવ્યા પછી પં. લલિતવિજયજી પં. ઉમંગવિજયજી પોતાના કાર્યમાં યોગ્ય રીતે લાગી ગયા છે. તેઓનું કાર્ય ઉપદેશ આપવાનું છે, સમાજનું કાર્ય તેપર વિચાર કરવાનું છે. અત્યારે વ્યાપાર વિગેરેની મંદી છે તે સર્વ જાણે છે છતાં મુંબઇ તે ખરેખર મુંબઇ જ બડી છે. એને માટે અમને પરિપૂર્ણ ભરોસો છે, સંદેશો મોકલનારને ભરોંસો છે અને આવનારને ભરોંસો છે.

પ્રથમ શુભ શરૂઆત પૂજ્ય ગુરૂ મહારાજની જયંતિ પ્રસંગેજ થઇ ગઇ. આ સંસ્થાના મુકામ બાંધવાને અંગે શેઠ મોતીલાલ મુળજીએ રૂ. ૧૨૫૦૦) ની રકમ ધીરી હતી તે તેમણે વ્યાજ સાથે સંસ્થાને અર્પણ કરી. શેઠ દેવકરણ મુળજીએ તેટલીજ રકમ તે વખતે જાહેર કરી. અમારી વિજ્ઞપ્તિ ચાલુ છે. ત્યાર પછી શેઠ હીરાલાલ બકોરદાસે રૂ. ૭૫૦૧) ની રકમ તેજ મુકાંમ ફંડમાં આપી છે, શેઠ હેમચંદ અમરચંદના સુપુત્ર શેઠ નવીનચંદે પોતાના પિતાના શુભ નામે ૧૦૦૦૧) અર્પણ કર્યા છે શેઠ હીરાલાલ અમૃતલાલે રૂ. ૭૫૦૧) આપ્યા છે. અને આવી રીતે બીજી પણ નાની મોટી રકમો મળવા લાગી છે તેનો એક વચગાળેનો રિપોર્ટ આપની સમક્ષ દિવાળી પછી તુરતજ રજુ કરવામાં આવશે. આપણા મારવાડી ભાઇઓ કેળવણીનાં કાર્યોની મહત્તા સમજી અને ગુરૂ મહારાજ તરફની પૂજ્ય બુદ્ધિથી કાર્ય ઉપાડી રહ્યા છે, અથાક પ્રયત્ન કરી રહ્યા છે અને બહુ સારૂં પરિણામ બતાવે તેવું દેખાય છે. આ અનેકદેશીય પ્રયત્નો હાલ ચાલી રહ્યા છે તેમાં આપને વચ્ચે વચ્ચે વાતો કરી દેવી સમુચીત નહિ લાગે, તેથી આગામી કમિટી આપને એક વચગાળેનો રિપોર્ટ જરૂર આપશે અથવા ફેલાવશે એવી અમારી સૂચના છે. અમારી પૂર્ણ શ્રધ્ધા છે કે આવા કટાકટીના વખતમાં પણ સંસ્થાના મુકામને અર્ધ અપૂર્ણ સ્થિતિમાં આપ રહેવા દેશો નહિ.

## આભાર દર્શનની અશક્તિ.

અમારે આભાર કેટલાનો માનવો? જ્યાં આખી કોમ અનેક પ્રકારે સંસ્થાને સહાય કરવા હળીમળી રહેલી હોય, મચી રહેલી હોય, ઉદ્યુક્ત થઇ બેઠી હોય, ત્યાં કેટલા નામનિર્દેશ કરીએ. બારસો તેરસો માઇલનો ઉગ્ર વિહાર કરનાર મુનિ મહાશયો માટે અમે કયા શબ્દોમાં વર્ણન કરીએ? સંસ્થાને માટે રાત દિવસ પ્રયાસ કરનાર આપણા ભાવિક મારવાડી બંધુઓનું જે જુથ રાત્રે પૂરવા નીકળે છે તેમના ઉત્સાહનું શું વર્ણન કરીએ? હજુ અનેક નવીન કાર્યવાહકો પ્રેરણા કરી રહ્યા છે તેમને માટે અગાઉથી શું લખીએ? દિવાળી પછી આપને સંપૂર્ણ રિપોર્ટ મળશે. અત્રે વક્તવ્ય એટલુંજ છે કે આ સંસ્થા માટે પૂર્ણ પ્રેમ ઉત્સાહ અને ધીરજથી કાર્ય કરનાર સર્વ બંધુઓ અને મુનિઓને અમારા અંતઃકરણથી અમે આભાર દર્શાવીએ છીએ. કાર્ય કરનાર આભાર સાંભળવા પણ નિરપેક્ષ હોય છે તે અમારા લક્ષ્ય બહાર નથી, પરંતુ અમે અમારૂં કર્તવ્ય ચૂકશું નહિ. ઘણી વિગત સાથે આ વિષય તુરતમાં બે માસ પછી કે ત્યાર પછી થોડા વખતમાં આપના પૂર્ણ ઉત્સાહ વચ્ચે રજુ કરવા ભાગ્યશાળી થશું એવી આશા છે.

## શ્રી સારાભાઇ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ.

